
August 2024 - Issue 08
Price 15/-

# Gyan Amrit
# જ્ઞાનામૃત












KRISHNA
JANMASTAMI




મુન્દ્રા–કચ્છમાં ઈન્ડીયન ઑઈલ કૉરપોરેશનમાં 'યોગ દિવસે' આયોજિત કાર્યક્રમ બાદ સમૂહચિત્રમાં GM ભ્રાતા અનિલભાઈ મેઘાણી, અન્ય અધિકારીઓ તથા સ્ટાફ સાથે બ્ર.કુ. સુશીલાબેન.



ગાંધીનગર ખાતે હિન્દી ચેનલના ૪ વર્ષ પૂર્ણ થતાં શહેરના વિવિધ વિશેષજ્ઞ વરિષ્ઠ ડૉક્ટરોનું સન્માન કર્યા બાદ સમૂહચિત્રમાં બ્ર.કુ. કૈલાસબેન, ચેનલના માલિક ભ્રાતા કશ્યપભાઈ.



નવસારીમાં 'યોગ દિવસે' દીપ પ્રગટાવતાં યોગાચાર્ય પારૂલબેન, વરિષ્ઠ નાગરિક વિભાગના વડા ભ્રાતા સુરેશભાઈ દેસાઈ, બ્ર.કુ. દીપકભાઈ અને બ્ર.કુ. ગીતાબેન.




મરોલીમાં 'વિશ્વ યોગ દિવસે' યોગાટ્રેનર ભ્રાતા કલ્પેશભાઈ પ્રજાપતિ, સરપંચ ભગિની યોગિતાબેન પટેલ, પૂર્વ સરપંચ ભ્રાતા માનસિંહભાઈ, વ્યાપારી ભ્રાતા કેતનભાઈ, બ્ર.કુ. ગીતાબેન, બ્ર.કુ. મુકેશબેન.



સુરત સરથાણામાં 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસે' કોમ્યુનીટી હોલમાં આયોજિત યોગા બાદ યોગા ટીચર્સ, બ્ર.કુ. દક્ષાબેન તથા બ્રહ્માવત્સો.



ઉમરગામમાં 'વિશ્વ યોગ દિવસે' એમ.કે.મહેતા સ્કૂલના આચાર્ય, શિક્ષકો, યોગપ્રશિક્ષકો સાથે બ્ર.કુ. રંજનાબેન, બ્ર.કુ. સુનિતાબેન.



વડોદરા મંગલવાડી દ્વારા 'યોગ દિને' શ્રેયસ વિદ્યાલયના બાળકોને યોગ કરાવતાં બ્ર.કુ. વંદનાબેન, યોગાચાર્ય અશોકભાઈ ખારવા.



જલાલપુર સેવાકેન્દ્ર દ્વારા 'આંતરરાષ્ટ્રીય યોગ દિવસે' GMERS મેડીકલ કૉલેજમાં રાજયોગનો સંદેશ આપતાં બ્ર.કુ. ભાનુબેન સામે લાભાર્થી GMERS મેડીકલ કૉલેજના અધિકારીઓ, સ્ટાફ.

# Gyan Amrit
# જ્ઞાનામૃત

વર્ષ ૧૭ | ઓગસ્ટ - ૨૦૨૪ | અંક : ૦૮

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનું મુખપત્ર**


## અમૃતસૂચિ


- રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્ય..................તંત્રી સ્થાનેથી...04
- પ્રસન્નતાના પથ પર - સંકલ્પ શક્તિ ............બ્ર.કુ. શિવાની...07
- આધ્યાત્મપ્રજ્ઞા રાજયોગિની દાદી પ્રકાશમણિજી .....................08
- સંકલ્પોની ક્વોલિટીને ઊંચ બનાવતા રહો .......દાદી જાનકીજી...10
- ચહેરો સદા ખુશીની ઝલક તથા શાંતિથી ..દાદી હૃદયમોહિનીજી...11
- શાંતિ-સંતુષ્ટતાની પ્રાપ્તિનો આધાર ..........બ્ર.કુ. જગદીશચંદ્ર...12
- સવારની શરૂઆત જીતથી થાય ...................બ્ર.કુ. સૂર્યભાઈ...13
- વિકર્મવિનાશ તપસ્યાથી થાય છે ................બ્ર.કુ. ઉષાબેન...14
- આત્મસ્થિતિ શક્તિશાળી હોય તો..............બ્ર.કુ. ગીતાબેન...15
- રાજયોગિની દાદી કમલમણિજી ......................બ્ર.કુ. હેમંત...16
- આધ્યાત્મિક સશક્તિકરણ .............બ્ર.કુ. ડો. ગોદાવરીબેન...19
- હવે શું.......................................................બ્ર.કુ. જૂનાગઢ...19
- પ્રસંગ પરિમલ ...........................................................20
- કુમારોની અનોખી રાજ્યસભા .................બ્ર.કુ. વિવેકાનંદ...22
- દિવ્યદર્શન - શ્રીકૃષ્ણની દિવ્યતા ..................બ્ર.કુ. નંદિની...25
- નવીનતાનો અનુભવ અને સ્વમૂલ્યાંકન ..........બ્ર.કુ. વિપિન...26
- બુધ્ધિ એટલે... બુધ્ધિ શું? .......................બ્ર.કુ. અમૃતલાલ...28
- શું બાહ્ય મેકઅપ જરૂરી છે?.........................બ્ર.કુ. અનંત...30
- પરમધામના 108 નામ + બ્રાહ્મણ બન્યા પછી ...બ્ર.કુ. જૂનાગઢ...32
- સંગમયુગની શબ્દાવલી ..............................................34



**2024ના લવાજમના દર**

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | રૂ. | ૧૩૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૨,૨૦૦.૦૦ |
| છૂટક નકલ | રૂ. | ૧૫.૦૦ |

**વિદેશમાં**

| | | |
|---|---|---|
| એરમેઈલ વાર્ષિક | રૂ. | ૧,૬૦૦.૦૦ |
| આજીવન સભ્ય | રૂ. | ૧૨,૦૦૦.૦૦ |



તંત્રી કાર્યાલયનું બદલાયેલું સરનામું
કૃતિઓ મોકલવાનું સરનામું
**બ્ર.કુ. ડો. કાલિદાસ પ્રજાપતિ**
તંત્રી : જ્ઞાનામૃત
D-202, સાગર રેસીડન્સી,
PDPU રોડ, જાન્વી ફાર્મ સામે, રાયસણ,
ગાંધીનગર - 382007 **M. 99798 99104**



**મુદ્રક અને પ્રકાશક**
**ભારતી રણછોડદાસ સોમૈયા**


**-:- વિશેષ નોંધ -:-**

સેવાકેન્દ્ર દ્વારા થયેલ સેવાઓના ઓરીજનલ હાઈ રેઝેલ્યુશન વાળા ચોખ્ખા, વ્યવસ્થિત, યોગ્ય ફોટા સાથે મહેમાનોનું આખું નામ, બરોબર હોદ્દો, કાર્યક્રમની સંપૂર્ણ વિગતો સાથે ગુજરાતી જ્ઞાનામૃતના ઈ-મેલ ઉપર જ મોકલવાના રહેશે. જે અગ્રતા ક્રમે ફોટા મળે, તમામ પ્રકારે ફોટાની ગુણવત્તાના આધારે નાના-મોટા બધા સેવા કેન્દ્રોને યથાયોગ્ય સ્થાન આપવાનો પૂરો પ્રયત્ન રહે છે. જે મોબાઈલથી ફોટા પાડ્યા હોય તે મોબાઇલની ગેલેરીમાંથી જ ઓરીજનલ ફોટા હાઈ ક્વોલિટીમાં ઈ-મેલમાં એટેચ કરવા. તમે whatsappમાં મોકલેલા કે કોઈએ ફોટા પાડીને તમને whatsappમાં મોકલાવેલ અથવા કોઈના ફોરવર્ડ કરેલા ફોટા ક્યારે મોકલવા નહીં. whatsappથી મોકલાવેલા ફોટાની પ્રિન્ટિંગ ક્વોલીટી બરોબર હોતી નથી. જે પ્રકાશનમાં કદાપિ લેવાશે નહીં


**જ્ઞાનામૃતના બેંક ખાતાની વિગતો**

**પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલય**

Account No. : **03290100041261** IFSC Code : **BARB0GITAMA**
Bank Name : **BANK OF BARODA, Geeta Mandir Branch**

**પ્રકાશન સ્થળ - ગુજરાત ઝોન મુખ્યાલય**

**બ્રહ્માકુમારીઝ, સુખશાંતિ ભવન, ભુલાભાઈ પાર્ક રોડ, કાંકરિયા, અમદાવાદ - ૩૮૦ ૦૨૨.**
**Phone: 079 - 2532 4460**

**Email :** gyanamrit.guj@gmail.com

### તંત્રી સ્થાનેથી

# રક્ષાબંધનનું આધ્યાત્મિક રહસ્ય

આધ્યાત્મિક દૃષ્ટિએ જોઈએ તો તહેવારનું મૂલ્યાંકન કરવામાં આવે તો વિશ્વ પિતા પરમાત્મા એક જ છે. આપણે સૌ એમનાં બાળકો છીએ. એ દૃષ્ટિએ આત્મા ભાઈ છે અને આત્મા જ્યારે શરીરમાં પ્રવેશ કરે છે ત્યારે પ્રકૃતિનો ખેલ છે. આ સમજથી એવું સિદ્ધ થાય છે કે આત્મા એ પોતાની આત્મિક સ્થિતિમાં જ સ્થિત થવું જોઈએ. દેહના આકર્ષણને વશ ના થવું જોઈએ. પણ આજે તો બધા જ આત્માઓ દેહ અભિમાનને વશ થઈ ગયા છે. દેહભાનને લીધે કામ, ક્રોધ, લોભ, મોહ, અહંકારથી પરાજિત થયા છે. ત્યારે ખરેખર તો આત્માને પરમપિતા પરમાત્મા તરફથી રક્ષણની જરૂર ઊભી થઈ છે.  તેથી આત્માઓની સાચા અર્થમાં રક્ષા તો જ્ઞાન સાગર, પતિત પાવન પરમપિતા પરમાત્મા સિવાય કોઈ કરી શકે એમ નથી. તેથી રક્ષાબંધનના પવિત્ર દિવસે એ સંકલ્પ કરવો જોઈએ કે હું દેહ નથી. આત્મા છું. મુજ આત્માનો સ્વધર્મ પવિત્રતા છે. પવિત્રતાના સાગર પિતાનો બાળક હું આત્મા દેવપદનો અધિકારી છું. અર્થાત્ મનુષ્યમાંથી દેવતાપદની પ્રાપ્તિ એ મારો જન્મસિદ્ધ અધિકાર છે.

સામાન્ય રીતે તો બહેનો-ભાઈઓના મસ્તકમાં ચંદનનું તિલક કરે છે આ તિલક એમ સૂચવે છે કે મસ્તકમાં બિરાજમાન હું આત્મા સદા વિજયને પ્રાપ્ત કરે છે. એટલે સંસારની મોહ-માયામાં વશ ના થઈ જાય. બહેનો પોતાના ભાઈઓના હાથે રાખડી બાંધે છે. રક્ષાસૂત્ર તો ખરેખર એક કાચા સૂતરનો તાંતણો છે પણ તેમાં સાચી ભાવના તો એ સમાયેલી છે. આપણે એક જ મા-બાપના બાળકો એટલે ભાઈ અને બહેને પવિત્ર જીવન જીવવું જોઈએ. આધ્યાત્મિક દૃષ્ટિથી જોતાં આખું વિશ્વ એ પ્રજાપિતા બ્રહ્માની રચના છે. બ્રહ્મા પિતાના સંબંધથી જ વિશ્વનાં તમામ નર-નારીઓ એક જ સંબંધથી જોડાયેલા છીએ. તે સંબંધ ભાઈ-ભાઈનો અને બહેન-ભાઈનો. એક નાનકડી રાખડી પવિત્રતાનું પ્રતીક છે. કે અમે એક બીજા સાથે મન-વચન-કર્મથી પવિત્રતાના સંબંધથી જ વ્યવહારમાં આવવા બંધાયેલા છીએ.

બહેનો ભાઈઓને મુખ મીઠું કરાવે છે એનો ભાવ એ છે કે ભાઈ જો તું તારા ધર્મ અને કર્મમાં આચરણયુક્ત જીવન જીવીશ તો જીવન મધુરતા સંપન્ન બની રહે છે. કારણ કે જેવું અન્ન તેવું મન. એટલે આહાર એજ જીવનને ચલાવવાનું સાધન છે. તેથી મીઠું ખાઓ અને મીઠું જીવન બનાવો.

રક્ષાબંધનના દિવસે બહેનોના હૈયામાં ભાઈઓ પ્રત્યે કલ્યાણકારી સંકલ્પોની હારમાળા ચાલે છે. ભાઈઓ સુખ, શાંતિ અને સમૃદ્ધિ પ્રાપ્ત કરે. તેવી લાગણીઓના સૂરો હૃદયવીણામાંથી ઉઠતા હોય છે. મનુષ્ય એ સામાજિક પ્રાણી છે. સમાજમાં માનવો સામે અવનવા પ્રશ્નોની વણજાર આવતી હોય છે. સ્વયંની સલામતીની રક્ષણની પણ અપેક્ષા હોય છે. બહેનોના હૃદયમાં ભાઈઓ પ્રત્યે દિવ્ય, પવિત્ર સ્નેહની સરવાણી વહેતી હોય છે. ભાઈ કોઈ ભેટ, સૌગાત આપે તે કરતાં બહેનોની ભાવનાનું પલ્લુ વધારે નમતું હોય છે. નિર્દોષ પ્રેમની, નિ:સ્વાર્થ પ્રેમની લાગણીઓ આ વિશ્વને દિવ્યતાની અનુભૂતિ કરાવે છે. પરમપિતા શિવ પરમાત્માએ પ્રજાપિતા બ્રહ્માના તનમાં દિવ્ય અવતરણ કરીને તહેવારોનાં આધ્યાત્મિક રહસ્યો સમજાવેલાં છે. તેથી પ્રજાપિતા બ્રહ્માકુમારી

ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં રાજયોગનો અભ્યાસ કરતાં ભાઈ-બહેનોની ભાવનાઓ, વિચાર-ધારાઓ, હદમાંથી બેહદ તરફ પ્રયાણ કરે છે. પરમપિતા શિવ પરમાત્માએ જે બહેનો-કન્યાઓના શિરે જ્ઞાનનો કળશ મૂક્યો છે તે બહેનોની ભાવનાઓ લૌકિક દુનિયાનાં હદનાં બંધનોને વટાવીને સમગ્ર વિશ્વને પરિવારભાવથી જુએ છે. આ વિશ્વમાં વસતા તમામ આત્માઓ એક જ પરમપિતા પરમાત્માનાં સંતાનો છે. તેથી વસુધૈવ કુટુંબકમ્‌ની ભાવનાનું મૂર્ત સ્વરૂપ દિવ્ય અલૌકિક જીવન જીવનાર બહેનોમાં જોવા મળે છે. આ દેહની વિસ્મૃતિ થાય છે. ત્યારે જ પવિત્ર પ્રેમની ભાવના જન્મે છે. તેથી આ સૃષ્ટિના સર્વ આત્માઓ પવિત્ર, નિર્વિકારી જીવન જીવવાનો સંકલ્પ કરે એ ભાવના હોય છે.

મોટી બહેન પોતાના નાનાભાઈ પાસેથી, ધનિક બહેન પોતાના ગરીબ ભાઈ પાસેથી દેશમાં વસતી બહેન વિદેશમાં વસતા પોતાના ભાઈ પાસેથી પોતાના રક્ષણની અપેક્ષા કઈ રીતે રાખી શકે. વાસ્તવમાં રક્ષાબંધનના મૂળમાં પવિત્રતાની ધારણાનું બીજ સમાયેલું છે. સ્વામી રામકૃષ્ણ પરમહંસ અને શારદામણિ દેવી, ગાંધીજી અને કસ્તુરબાએ પવિત્રતાને અપનાવીને પોતાની દૃષ્ટિને નિર્મળ, પવિત્ર બનાવી. પવિત્રતાએ સુખશાંતિની જનની છે. પવિત્રતાની ધારણાની સાથે સાથે સ્વધર્મ, સ્વદેશ, સ્વલક્ષ્ય, સ્વસ્વરૂપ, સ્વલક્ષણ સ્વમાનની ગહનતામાં જઈને તેની અનુભૂતિ કરી શકાય છે.

પહેલાં બ્રાહ્મણો રક્ષાબંધન કરતા હતા. હવે બહેનો - ભાઈઓને રક્ષાબંધન કરે છે. આ પર્વ ‘વિષતોડક’ અને ‘પુણ્ય પ્રદાયક’ પર્વ છે.

રક્ષાબંધન દ્વારા આત્મિક સ્મૃતિ અને પવિત્રતાની ધારણાથી રક્ષાની અનેક પ્રકારની અનુભૂતિ થાય છે. માનવને તનનું રક્ષણ, ધર્મનું રક્ષણ, સતીત્ત્વ અર્થાત્ પવિત્રતાનું રક્ષણ તેમજ માયાથી રક્ષણની અપેક્ષા હોય છે. રક્ષાબંધનનું પર્વ આ સર્વ પ્રકારના રક્ષણની શક્તિ બક્ષે છે. એટલું જ નહીં ભવિષ્યમાં આવનાર સતયુગમાં દેવપદની પ્રાપ્તિ કરાવી 2500 વર્ષ સુધી સુખી દેવતાઈ જીવનની પ્રતીતિ કરાવે છે. દૈવી બહેનો રક્ષાબંધન કરી ભાઈઓ માટે વિપુલ પ્રાપ્તિઓના દ્વાર ખુલ્લાં કરે છે. તેના બદલામાં કોઈ સ્થૂળ પ્રાપ્તિની અપેક્ષા રાખતી નથી. ભૌતિક સ્વરૂપની ચીજ કે રોકડ રકમ આ બહેનો સ્વીકારતી નથી. માત્ર ભાઈઓમાં રહેલા વિકારો, વ્યસનો, ખરાબ ટેવોનું દાન સ્વીકારે છે જેથી તેઓ દુઃખી જીવનથી મુક્ત બને.

આ તહેવારે ભાઈઓની પણ એ ફરજ થઈ જાય છે કે સૃષ્ટિની સર્વ બહેનો તરફ, સર્વ આત્માઓ તરફ આત્મિક દૃષ્ટિ, વૃત્તિ અને કૃતિ રાખે. બહેનો દિવ્ય જીવનના પથ ઉપર વિચરી શકે તે માટે તેની પવિત્રતાની રક્ષા માટે સર્વસ્વ ન્યોછાવર કરી શકે. સ્ત્રી સન્માનની ભાવના જાળવવા માટે કટિબદ્ધ બને પરમાત્માએ જ્યારે સ્ત્રી શક્તિને અગ્રીમ સ્થાન આપીને જ્ઞાનનો કળશ આપ્યો છે. ત્યારે તેનું ગૌરવ આંકી ઈશ્વરીય સેવાનાં કાર્યોમાં સર્વ પ્રકારનો સહયોગ આપે. રાજયોગી જીવનના આધાર સ્તંભો બ્રહ્મચર્ય સાત્ત્વિક આહાર, સત્સંગ અને દિવ્યગુણોની ધારણા કરે અને બીજાઓને પણ કરાવડાવે. રક્ષાબંધનનો તહેવાર એવી રીતે ઉજવવો જોઈએ કે માનવમાં કોઈપણ પ્રકારની અપવિત્રતા અથવા નબળાઈ મનના દ્વારે ફરકી પણ ન શકે. તેથી રક્ષાબંધનના દિવસે દૃઢ સંકલ્પનું બંધન બાંધવું જોઈએ કે

1. માનસિક સંકલ્પોમાં પણ અપવિત્રતાનું

આક્રમણ ના થાય તે માટે મનસાની વૃત્તિને સંપૂર્ણ શક્તિશાળી બનાવીએ.

2. સદા સ્વયંની રુહાની, આત્મિક મસ્તીમાં સ્વસ્થિતિ અર્થાત્ ભાઈ-ભાઈની સ્થિતિ નિરંતર જાળવવાનો પ્રયાસ કરીએ.
3. પરચિંતન અને વ્યર્થ બોલને સદાને માટે સમાપ્ત કરીએ.
4. દરેક પ્રત્યે આત્મિક સ્નેહ, આદર રાખીને સંગઠનને એકમત બનાવીએ.
5. સર્વ ઈશ્વરીય મર્યાદાઓનું પાલન કરીને દૈવી ગુણવાન બનીએ.

ઈન્દ્ર અને ઈન્દ્રાણી તો પતિ પત્ની હતાં. ઈન્દ્રાણીએ ઈન્દ્રે ગુમાવેલું રાજ્ય ફરીથી પ્રાપ્ત એ ભાવનાથી ઈન્દ્રને રાખડી બાંધી. ચિતોડગઢના રાજા સંગ્રામસિંહની પત્ની કર્ણાવતીએ બહાદુર-શાહના ચિતોડ ઉપરના આક્રમણ વખતે હુમાયુને રાખડી મોકલી લશ્કરની મદદની અપેક્ષા રાખી હતી. કુન્તીએ પણ પોતાના પૌત્ર અભિમન્યુને રાખડી બાંધી હતી.

આ રીતે રક્ષાબંધનના પ્રાણ તત્ત્વને અનુસરીને દૃષ્ટિને અલૌકિક, મનને શીતળ, બુદ્ધિને રહેમદિલ અને મુખને મૃદુ બનાવવાં જોઈએ. રક્ષાબંધનના શ્રેષ્ઠ રહસ્યને સમજીને વિકારોની પ્રચંડ અગ્નિથી સ્વયંનું રક્ષણ કરવું તે વાસ્તવમાં યથાર્થ રક્ષાબંધન ઉજવવું છે. હૃદયમાંથી વિષરૂપી વિકારોને કાઢી દઈ પવિત્રતાનું અમૃત વહાવનાર, આદર્શ પવિત્ર પ્રવૃતિઓની મર્યાદાઓનું પાલન કરાવનાર આ પર્વ છે. અટલ, અચલ, સ્થિર અને નિર્ભય બનાવનાર આ નિશ્ચયનું બળ છે.

॥ ૐ શાંતિ ॥

- બ્ર.કુ. કાલિદાસ

**(પેજ નં. 09નું અનુસંધાન)... અધ્યાત્મપ્રજ્ઞા**

ઉત્કૃષ્ટ સામાજિક સેવાઓ માટે મહારાષ્ટ્રના તત્કાલીન મુખ્યમંત્રી શરદ પવારે દાદીજીને પુરસ્કારથી સન્માનિત કર્યાં. દાદીએ રાજયોગ એજ્યુકેશન અને રીસર્ચ ફાઉન્ડેશન અંતર્ગત 20 વીંગોની રચના કરી. તેના દ્વારા રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય કક્ષાના વિભિન્ન કાર્યક્રમો ચાલતા રહે છે. ભિન્ન ભિન્ન વ્યવસાય સાથે સંકળાયેલી પ્રતિભાઓ આધ્યાત્મિક શિક્ષણ મેળવે છે.

દાદીના વ્યક્તિત્ત્વથી પ્રભાવિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પ્રતિભાઓની યાદી ઘણી મોટી છે. દાદીએ તમામ પ્રકારના ભેદોથી પર રહીને સર્વને સમાન દૃષ્ટિથી આત્મિક પ્રેમ આપ્યો અને આધ્યાત્મિક પાલના કરી.

દાદીના જીવનને મૂલવવા કોઈ વિદ્યાર્થી પીએચ.ડી. કરે તો તેને દાદીના વિરાટ વ્યક્તિત્ત્વ અને મહાન વ્યક્તિત્ત્વનો પરિચય મળે જેની શિક્ષણ સંસ્થાઓમાં પણ નોંધ લેવાય. તા. 25-08-2007ના દિવસે દાદીજીએ પાર્થિવ દેહનો ત્યાગ કર્યો. શાંતિવન સંકુલ, આબુરોડમાં દાદીજીની સ્મૃતિમાં બનાવેલ પ્રકાશસ્તંભ આજે પણ અનેક આત્માઓને પ્રેરણા આપી રહ્યો છે.

**॥ ઓમશાંતિ ॥**

- **મહાવીર વિજયી આત્માઓ દરેક કદમમાં તનથી, મનથી ખુશ રહે છે તો તેઓ કદી ઉદાસ હોતા નથી, એમની પાસે દુઃખની લહેર સ્વપ્નમાં પણ આવી શકતી નથી.**
- **તમે શ્રેષ્ઠ કર્મો કરો પણ ફળની આશા રાખશો નહીં.**
- **બ્રાહ્મણ જીવનમાં ખુશીનો ખોરાક ખાનાર અને ખવડાવનાર શ્રેષ્ઠ નસીબવાન ભવ.**

## પ્રસન્નતાના પથ પર

# સંકલ્પ શક્તિ

બ્ર.કુ. શિવાનીબેન, ગુરુગ્રામ, હરિયાણા



સંકલ્પથી સિદ્ધિ એ એક લો છે. જે આપણે સંકલ્પ કરીએ છીએ તે વાયબ્રેટ થાય છે. અને તે બનતા જાય છે. આપણે વિચારીએ છીએ કે આ ઠીક થઈ જાય તો આપણે કેવા વિચારો કરીશું? ઠીક થઈ જાય એ પણ ક્રિયેટ કરવાનું નથી કારણ કે એની પણ એનર્જી બને છે. ઠીક થઈ જાય તેનો મતલબ અત્યારે ઠીક નથી. જે દેખાય છે તે વિચારવાનું નથી. તમે જે જોવા ઈચ્છો છો તેવું વિચારો.

દા.ત. તમે ઓફિસથી થાકીને ઘેર આવો છો અને ઘેર પહોંચીને કહો છો આજે હું બહુ થાકી ગયો છું. આ વિચારતા જાઓ અને બોલતા જાઓ. પછી કોઈ ઘરમાં પૂછશે કે થાકેલા છો, તો કહેશે હા હું બહુ થાકેલો છું. પછી સર્વ બાળકોને પણ કહેશો કે એમને ડીસ્ટર્બ ના કરશો તેઓ બહુ થાકેલા છે. પછી કોઈનો ફોન આવશે, બહાર ચાલવા માટે જવાનું છે. નહીં જી આજે તેઓ બહુ થાકેલા છે. તો જે થાક થોડો હતો તે વધશે કે નહીં વધે? હવે આ થાકને દૂર કરવા માટે શું બોલવું પડશે? સચ્ચાઈ બિલકુલ તો નકારી શકશો નહીં. વિચારતો ક્રિયેટ કરવા પડશે પણ કેવા વિચારો ક્રિયેટ કરવાના છે. તે આપણી પસંદગી પર આધારિત છે.

જ્યારે આપણે ઓફિસથી ઘેર આવીએ અને કોઈ પૂછે કે કેમ છો તો આપણે સાચા શબ્દો વાપરવાના છે. કહેવું જોઈએ હું ફ્રેશ છું, બિલકુલ ફ્રેશ છું. મોજમાં છું. ઉર્જા સંપન્ન છું. આ માત્ર બીજાઓને કહેવાનું નથી પણ પોતાની જાતને કહેવાનું છે. માત્ર મુખથી જ નહીં, પણ મનથી કહેવાનું છે. આપ માત્ર એક દિવસ પ્રયોગ કરીને જુઓ. આપ માત્ર બોલતા જાઓ, સૌ પરફેક્ટ છે, સૌ પરફેક્ટ છે. આપણા સંકલ્પ આપણા શરીર સુધી પહોંચે છે. પછી થાક પચાસથી ચાલીસ ઉપર આવશે. પછી વિચારોથી થાક દૂર થશે. આપણું ભાગ્ય આપણા હાથમાં છે. આપણું દરેક કર્મ મનથી થઈ રહ્યું છે. ધીરે ધીરે આપણા નેગેટીવ વાયબ્રેશનના શબ્દો બદલાતા જશે. દુઆ એ નથી કે કોઈ બીજા આપે છે. આપણા દરેક વિચારો, દરેક શબ્દો દુઆ બની જાય તો આપણું જીવન દુઆઓથી ભરપૂર થઈ જશે. સ્વયં માટે અને બીજાઓ માટે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 12નું અનુસંધાન).શાંતિ અને સંતુષ્ટતા**


આમાં લગાવવો પડે છે. જેથી મનુષ્ય સંતુષ્ટતા તથા શાંતિ રૂપી જીવનમાં અણમોલ ઉપહારોની પ્રાપ્તિ કરી શકે છે.

આજે દરેક પ્રાણી અને દરેક સમાજ શાંતિ તથા સામંજસ્યની અનુભૂતિ કરવા કેટલો સમય, ધન અને શક્તિનો વ્યય કરે છે પણ આ સર્વ પ્રયાસ એ જાણ્યા વિના જ કરી રહે છે કે આધ્યાત્મિક જ્ઞાન પર આધારિત યોગ અને પવિત્રતાથી જ શાંતિ અને પવિત્રતાની પ્રાપ્તિ થઈ શકે છે.

**॥ ઓમશાંતિ ॥**

# અધ્યાત્મપ્રજ્ઞા રાજયોગિની દાદી પ્રકાશમણિજી

## પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ (1969 થી 2007)



અધ્યાત્મપ્રજ્ઞા રાજયોગિની દાદી પ્રકાશમણિજી એક એવી વિદુષી સશક્ત નારીનું નામ છે કે જેઓએ એ સિદ્ધ કર્યું છે કે નારી શક્તિ સ્વરૂપા છે. નારીમાં રહેલી શક્તિને આધ્યાત્મિકતા દ્વારા પુનઃ જાગૃત કરવામાં આવે તો સમાજમાં મહાનક્રાંતિની નાયિકા બની શકે છે. આધ્યાત્મિક જ્ઞાન અને રાજયોગ દ્વારા જ શીતળા, દુર્ગા, અંબા, સરસ્વતી અને સંતુષ્ટતાની મણિ સંતોષી દેવી બની શકે છે. આ પોતાના જીવન દ્વારા દાદી પ્રકાશમણિજી એ કરી બતાવ્યું. એમણે પોતાના નેતૃત્ત્વમાં ભારત તથા વિશ્વના લગભગ 140 દેશોના લાખો ભાઈ બહેનોના જીવનમાં અદ્ભુત પરિવર્તન લાવીને વિશ્વ સેવા માટે પ્રેરિત કર્યાં. દાદી પ્રકાશમણિજીએ પોતાના અનુપમ મૂલ્ય નિષ્ઠ જીવન, આધ્યાત્મિક શક્તિ અને પ્રશાસનિક દક્ષતાથી બ્રહ્માકુમારી સંગઠનમાં પ્રેમ, શાંતિ, સમરસતા, સદ્ભાવના, આત્મિક દૃષ્ટિ, વાત્સલ્ય, કરુણા જેવાં મૂલ્યોને પરમાત્મ વિશ્વાસ અને શિક્ષણથી સુસજ્જત કર્યાં.

દિવ્યતાની મૂર્તિ દાદી પ્રકાશમણિજીનો જન્મ 1 જૂન, 1922માં હૈદરાબાદના સિંધ (હાલ પાકિસ્તાનમાં) થયો. તેઓ બાળપણથી જ દિવ્ય-આભાથી આલોકિત હતાં. ઈ.સ.1937માં વિશ્વના પાલનહાર પરમપિતા પરમાત્મા શિવે હીરા ઝવેરાતના પ્રતિષ્ઠિત વ્યાપારી દાદા લેખરાજજીને પરમાત્મા સ્વરૂપ અને ભાવિ નવી સતયુગી દુનિયાના સાક્ષાત્કાર કરાવ્યા. પ્રજાપિતા બ્રહ્માના નામથી ઓળખાતા એ દાદાજીએ પ્રજાપિતા બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયની સ્થાપના કરી. હૈદરાબાદના સુપ્રસિદ્ધ જ્યોતિષીનાં પુત્રી રામાદેવી 14 વર્ષની કિશોરી અવસ્થામાં જ આ સંસ્થાના સ્થાપકના સંપર્કમાં આવ્યાં. બ્રહ્મા-બાબાને પણ અનેક દિવ્ય સાક્ષાત્કારો થયા. જેમાં એમણે જ્યોતિસ્વરૂપ શિવ અને નવી સતયુગી દુનિયા જોઈ. એમને વર્તમાન વિશ્વ, પ્રકૃતિના પ્રકોપ, અણુશક્તિ, ગૃહયુદ્ધ દ્વારા પરિવર્તન થવાનાં દૃશ્યો પણ જોવા મળ્યાં. રામાદેવીના દૂરદર્શી અને ભવિષ્યવેતા પિતાને પોતાની સુપુત્રીના ભાવિજીવનનો સંકેત પ્રારંભથી જ મળી ગયો હતો. એને અનુરૂપ આધ્યાત્મિક જ્ઞાન મળતાં બાબાએ એમના મરજીવા જન્મનું દિવ્ય નામ દાદી પ્રકાશમણિ આપ્યું.

રત્નપ્રભા દાદીએ પોતાની બાલ્યાવસ્થાથી જ સ્વપરિવર્તનની સાથે વિશ્વ પરિવર્તનની સંકલ્પનાની આ સંસ્થાનની આધ્યાત્મિક ક્રાંતિમાં પોતાને બ્રહ્માબાબા સમક્ષ પૂર્ણરૂપથી ઈશ્વરીય સેવામાં પોતાનું જીવન સમર્પિત કરી દીધું. પોતાની નિર્મળ કુશાગ્ર બુદ્ધિ અને સત્યતાની ઓળખને કારણે બ્રહ્માકુમારી સંગઠનમાં પ્રેરણા અને ઉદાહરણમૂર્ત બન્યાં. એમની અલૌકિક શક્તિને ઓળખીને પ્રજાપિતા બ્રહ્માબાબાએ પ્રકાશમણિ અન્ય કુમારીઓ અને માતાઓનું સંગઠન બનાવીને ટ્રસ્ટ બનાવીને પોતાનું સર્વસ્વ સમર્પિત કરી દીધું. ત્યારથી દાદી પ્રકાશમણિ આ સંસ્થાનાં એક આદર્શ બ્રહ્માકુમારી તથા સંસ્થાના સ્થાપનાના સ્તંભરૂપે આધ્યાત્મિક જ્ઞાન અને રાજયોગને દુનિયા સમક્ષ રજૂ કરવા માટે એક

અનુપમ પ્રેરણાસ્ત્રોત બન્યાં. સંસ્થામાં સમર્પિત થયાને થોડા જ સમયમાં સ્વયંને એક કુશળ તેજસ્વિની, તીવ્રગામી પુરુષાર્થીના રૂપમાં રજૂ કર્યાં અને માનવીય મૂલ્યોથી સુસજ્જિત પ્રકાશસ્તંભ બનીને પ્રકાશમાં આવ્યાં.

ઈ.સ. 1954માં બ્રહ્માબાબાએ દ્વિતીય વિશ્વધર્મ સંમેલનના નિમંત્રણ પર પ્રવચન કરવા મોકલ્યા દાદીએ થાઈલેન્ડ, ઈન્ડોનેશિયા, હોંગકોંગ, સિંગાપુર, શ્રીલંકા, મલેશિયા વગેરે દેશોમાં છ માસ સુધી ભ્રમણ કરી હજારો ભાઈઓ - બહેનોને ઈશ્વરીય સંદેશ આપીને પરમાત્મ કાર્યમાં સહયોગી બનાવ્યાં.

દાદીજીની દિવ્ય બુદ્ધિ, વક્તૃત્વકલા અને યોગની પરાકાષ્ઠાને જોતાં બ્રહ્માબાબાએ એમના વિભિન્ન સ્થાનો પર ઈશ્વરીય સેવા કરવા માટે મોકલ્યાં. એમના સદ્પ્રયાસોથી દિલ્હી, અમૃતસર, કાનપુર, મુંબઈ, કોલકાતા, પટના, બેંગલોર વગેરે મહાનગરોમાં ઈશ્વરીય સેવાનાં કેન્દ્રોની સ્થાપના થઈ. પાંચ વર્ષ સુધી મુંબઈ રાજયોગ કેન્દ્રોના નિર્દેશિકાના રૂપમાં દાદીએ સેંકડો કાર્યક્રમો સફળતાપૂર્વક યોજ્યા. ઈ.સ. 1964થી એમને મહારાષ્ટ્ર ઝોનનાં સંચાલિકા અને એ પછી 1968 સુધી મહારાષ્ટ્ર, ગુજરાત તથા કર્ણાટક ઝોનના ઈન્ચાર્જ તરીકે કાર્ય કરવાની તક મળી.

ઈ.સ. 1969માં સંસ્થાના સાકાર સંસ્થાપક બ્રહ્માબાબાએ પોતાના દેહાવસાન પૂર્વે દાદીનાં અદમ્ય સાહસ, નિષ્ઠા, ઈમાનદારી તથા વિશ્વ કલ્યાણની સેવામાં સમર્પણતા જોતાં દાદીજીના હાથમાં પોતાની સર્વશક્તિઓ દાદીને સોંપીને બ્રહ્માકુમારી ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયનાં મુખ્ય પ્રશાસિકા તરીકેનું સુકાન સોંપ્યું ત્યારથી લઈને જીવનની અંતિમક્ષણો સુધી સંસ્થાનાં મુખ્ય પ્રશાસિકા તરીકે કાર્ય કરતાં રહ્યાં.

અધ્યાત્મની જ્યોતિ લઈને દેશ જ નહીં વિદેશોમાં પણ પ્રાચીન ભારતીય સંસ્કૃતિ, સભ્યતા અને રાજયોગના સિદ્ધાંતોને લઈને ઉચ્ચજીવન પદ્ધતિ માટે સર્વને પ્રેરિત કર્યાં. દાદીના કુશળ સંચાલનમાં ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયમાં વ્યક્તિત્વ ઘડતરની આભા એટલી તીવ્ર બની કે આજે દેશ અને વિદેશોમાં સંસ્થાનાં 8500 સેવાકેન્દ્રો આધ્યાત્મિક સેવા કરી રહ્યાં છે. હજારો બહેનો ભાઈઓએ પોતાનું જીવન ઈશ્વરીય સેવાઓમાં સમર્પિત કર્યું છે.

દાદીના નેતૃત્વમાં સમાજમાં શાંતિ, સદ્ભાવના, ધાર્મિક સમરસતા, ભ્રાતૃત્વ પ્રેમ જેવાં મૂલ્યોની સ્થાપનાના કાર્યને જોતાં ઈશ્વરીય વિશ્વ વિદ્યાલયને સંયુક્ત રાષ્ટ્રસંઘ (U.N.O.) બીન સરકારી સંગઠનના રૂપે આર્થિક અને સામાજિક સમિતિમાં સલાહકાર પદ આપ્યું તથા યુનિસેફ સાથે પણ સંસ્થાને જોડી.

દાદીજીના નેતૃત્ત્વમાં સંસ્થા દ્વારા રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તરે ચાલતાં માનવીય કાર્યોને જોતાં સંયુક્ત રાષ્ટ્રસંઘે ઈ.સ. 1985માં પીસ મેડલ અને ઇ.સ. 1987માં સકારાત્મક કાર્યો માટે પીસ મેસેન્જર એવોર્ડથી સન્માનિત કર્યાં. પાંચ રાષ્ટ્રીય સ્તરના શાંતિ પુરસ્કાર આપ્યા. દાદીજીને અનેક મહામંડલેશ્વરો, સામાજિક સંસ્થાઓ, રાજ્ય સરકારોએ વિભિન્ન પુરસ્કાર આપીને અને સન્માન ચિન્હો આપીને એમની સેવાઓને બિરદાવી.

આધ્યાત્મિકશક્તિ અને વિવિધ સેવાઓને જોતાં દાદી પ્રકાશમણિને તા. 30-12-1992ના દિવસે મોહનલાલ સુખડિયા યુનિવર્સિટી, ઉદેપુર, રાજસ્થાન દ્વારા રાજ્યપાલ ડો. એમ. ચેન્ના રેડ્ડીએ ડીલિટની માનદ પદવીથી સન્માનિત કર્યાં.

**(અનુસંધાન પેજ નં. 06 પર)**

### અમૃતધારા

# પોતાના સંકલ્પોની ક્વોલિટીને ઊંચ બનાવતા રહો

રાજયોગિની દાદી જાનકીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુરોડ



બાબા કેટલા પ્યારા, મીઠા, ભોળા છે. જેટલા એ ભોળા છે, મીઠા છે એટલે આપણે પ્રેમથી દૃઢ સંકલ્પ કરીએ, બાબા ! બસ, કરીને બતાવીશું એમ પણ કહેવાની જરૂર નથી. ઘણાં બધાં બાળકોને બાબાએ જોઈ લીધાં. સવારે કંઈક જુદા અને સાયંકાળે કંઈક જુદા. અહીં બેસીને તો ઝોળી ભરી. લીધી પણ બહાર ગયા તો ખાલી. પરંતુ જ્ઞાન અર્થાત્ સમજ. સમજ અર્થાત્ સાચા બનવું. જેને સર્વ કાંઈ મળી ગયું તે જૂઠને શું કરશે? પ્રતિજ્ઞા નહીં કરે, બધું મળ્યું ને. મુઠ્ઠી પકડીને રાખી નથી, પણ મુઠ્ઠીમાંથી મળ્યું શું ? જે કોઈ પણ વાતને પકડી રાખે છે તે કંઈ મેળવી શકતો નથી. આપનાર તો આપી રહ્યા છે પણ લેનાર લેતા નથી.

જે કોઈ વાત ભૂલી શકતો નથી તે માફ કરી શકતો નથી. માફ કરવા માટે ધૈર્યતા, નિશ્ચય જોઈએ. તાલી બે હાથથી વાગે છે. જો બીજો કોઈ ભૂલ કરે તો જરૂર મેં પણ ભૂલ કરી હશે. પરંતુ મારે અભૂલ બનવાનો પુરુષાર્થ કરવાનો છે. કોઈ મર્યાદા અનુસાર ચાલતા નથી તો ભૂલ થાય છે. પણ મારે મર્યાદા પ્રમાણે ચાલવાનું છે. ના હું થોભું ના બીજાને થોભવાનું કહું. ભગવાન જાણે તે જાણે. તમે વચ્ચે શા માટે આવો છો? બીજાની ભૂલને આપણે શા માટે યાદ કરીએ અને કરાવીએ. તો ચક્કરમાં આવી ગયા ને? કોઈની ભૂલને યાદ કરવી તે પણ મોટી ભૂલ છે. બાબા યાદ આવશે નહીં. એમાં આપણે ધીરજ રાખવાની છે.

બાબાએ કહ્યું તમે મને યાદ કરો, તો તમારાં વિકર્મ વિનાશ કરી દઈશ. હવે મને કોઈ વિકલ્પ પણ ન આવે. વ્યર્થ સંકલ્પ પણ ન આવે. વિકલ્પ અવશ્ય વિકર્મ કરાવશે. મારે વિકર્માજીત બનવાનું છે. તો શક્તિ આવી ગઈ. પ્રતિજ્ઞા નથી કરી પણ બનવાનું જ છે. અત્યારે જ બનવાનું છે. બાબા મદદ કરશે. અને કરેલી ભૂલો માફ કરી દેશે. પોતાના સંકલ્પોની ક્વોલિટીને ઊંચી બનાવો. સંકલ્પમાં નિશ્ચયનું બળ હોય. તો પહેલાં ધીરજથી પોતાને શીખવાડો. બીજાઓ માટે પણ ધીરજ રાખો. એમાં સહનશીલતા જોઈએ. મારા બાબા રક્ષક છે એ મારો અનુભવ છે.

**॥ ઓમશાંતિ ॥**

---

**(પેજ નં. 15નું અનુસંધાન)... પરિસ્થિતિ મુશ્કેલ**

રોકાણ હોય તો દસ લાખનું ટર્ન ઓવર થઈ શકે છે. દરેક પોતપોતાના ક્ષેત્રમાં આગળ વધવા ઈચ્છે છે. તો આપણે જીવનમાં કયું ક્ષેત્ર રાખ્યું છે? જ્ઞાન-રાજયોગનું આપણા શબ્દોમાં ઊંચાઈ-નીચાઈ ન આવે. આપણો વ્યવહાર ન બગડે, ચહેરો ન બગડે, આપણો ભાવ અને ભાવનાઓ ના બગડે. આ તો પર્સનલ, ઈન્ટર્નલ છે ને. તો આપણે દૃઢતા રાખવી પડશે. આપણે ખુશ ન થઈએ કે આપણે જ્ઞાની-યોગી છીએ, પવિત્ર છીએ, સેવાધારી છીએ, સહયોગી છીએ આ ઘણી સારી વાત છે. સંગમયુગમાં આપ જે અવસ્થામાં હશો, ત્યાંથી જ આપની સતયુગમાં શરૂઆત થશે. તે માટે દૃઢ મનોબળ રાખી, તીવ્ર પુરુષાર્થ કરવાનો છે.

**॥ ઓમશાંતિ ॥**

# ચહેરો સદા ખુશીની ઝલક તથા શાંતિથી ભરપૂર હોય

## રાજયોગિની દાદી હૃદયમોહિનીજી, પૂર્વ મુખ્ય પ્રશાસિકા, શાંતિવન, આબુ રોડ



દરેક બાળકને બાબા સાથે પ્રેમ તો છે જ. બાબાના પ્રત્યે પ્રેમમાં તો બધા ઘણા ટકામાં પાસ છો. વિશેષ આજકાલ જે નવા જિજ્ઞાસુ આવે છે એમનો બાબા સાથે ઘણો જલદી પ્રેમ થઈ જાય છે. અને દિલથી થઈ જાય છે. બીજી વાતોમાં ભલે થોડો સમય લાગે. બાબા સાથે પ્રેમ છે તેથી તો બ્રહ્માકુમાર - બ્રહ્માકુમારી બન્યાં છીએ. અને જ્ઞાનમાં ચાલી રહ્યાં છીએ. જેના પ્રત્યે પ્રેમ હોય છે તેના માટે આપણે આપણું સર્વસ્વ ન્યોછાવર કરીએ છીએ. બાબાને પ્રત્યક્ષ કરવાનો ઉમંગ તો સૌને છે. કારણ કે બાબા સાથે જિગરી પ્રેમ છે.

હવે બાબાને બે પ્રકારે પ્રત્યક્ષ કરવાના છે. 1. સેવા દ્વારા 2. ચલન અને ચહેરો પ્રાપ્તિ સંપન્ન બને. આપણે કહેવું ના પડે કે અમને ખુશી મળી છે પણ આપણો ચહેરો જ બતાવે કે એમને કોઈ અલૌકિક પ્રાપ્તિ થઈ છે. એના ચહેરા ઉપર ખુશીની ઝલક છે યા શાંતિની રેખાઓ છે યા શક્તિ સ્વરૂપ છે. એ ડગમગ થનારી નથી પણ એકરસ રહેનારી છે. લોકોને અંદરથી એવું અનુભવાય. આપણો ચહેરો જ ચૈતન્ય મ્યુઝિયમનું કામ કરે. બાબા કહે છે આપના ચલન અને ચહેરાથી એ સાબિતી મળે અને આપણને પૂછે. એમના દિલમાં એ શુભ સંકલ્પ ઉઠે કે આ એમને ક્યાંથી મળ્યું છે, કઈ રીતે મળ્યું છે.

સેવા દ્વારા બાબાને પ્રત્યક્ષ કરવા માટે દરેકની સાચી પરખ થવી જોઈએ. જો તેની ઈચ્છા નથી, જિજ્ઞાસા નથી અને આપ એમને સમગ્ર જ્ઞાન આપી દો તો સપ્તાહ કોર્સ એક જ દિવસનો હશે પણ તેમાં ફરક પડશે નહીં. જિજ્ઞાસુને ઓળખીને તૈયારી કરો. એને સ્વયં ઈચ્છા હોય કે એમને જે મળ્યું છે તે મારે પ્રાપ્ત કરવાનું છે એના માટે આપણે આપણી બુદ્ધિને બહુ સાફ રાખવાની છે. બુદ્ધિમાં અહીં તહીંની વાતો ન હોય. બુદ્ધિ સદા ક્લીન, ક્લીયર અને કેયરફૂલ હોય. એ ધારણાથી આપણે જિજ્ઞાસુઓને સમજાવીશું તો કોર્સ કરતી વખતે એને તીર લાગશે. અને પોતાની ધારણાઓથી બાબાને પ્રત્યક્ષ કરી શકે છે.

આપણે વિચાર સાગર મંથન યા મનન કઈ વાત ઉપર કરીશું ? બાબાએ જે જ્ઞાન આપ્યું છે એના ઉપર મનન કરીશું. મનની વાતો પર તો મનન કરીશું નહીં. જે રીતે આપણે બાબાએ આપેલા જ્ઞાનના મુદ્દાઓને સ્વયંમાં ધારણ કરીને, અનુભવ કરીને અન્યને સમજાવીએ છીએ તો જિજ્ઞાસુ કહેશે આ બહેન બહુ સારાં છે. બહું સારું સમજાવે છે, સ્પષ્ટ કરીને સમજાવે છે. પણ આપણે તેનું કનેક્શન બાબા સાથે જોડવાનું છે. જિજ્ઞાસુનો બુદ્ધિયોગ બાબા સાથે જોડાય. પરમાત્મા દ્વારા જ એને સર્વ પ્રાપ્તિઓ થાય.

**॥ ઓમશાંતિ ॥**

- **સ્નેહ જ યોગ છે અને સ્નેહમાં સમાઈ જવું તેજ સંપૂર્ણ જ્ઞાન છે. સબસે બડી હૈ પ્રેમ સગાઈ.**
- **જે સદા ખુશ રહે છે અને સર્વને ખુશી વહેંચે છે તે સાચા સેવાધારી છે.**
- **કંઈ લાખો નિરાશામાં એક અમર આશા છુપાઈ છે.**

# શાંતિ - સંતુષ્ટતાની પ્રાપ્તિનો આધાર - યોગ અને પવિત્રતા

બ્ર.કુ. જગદીશચંદ્ર, દિલ્હી



મોટે ભાગે એ જોવામાં આવે છે કે જ્યારે કોઈ વિશિષ્ટ વ્યક્તિ બ્રહ્માકુમારી બહેનોને મળે છે ત્યારે તેઓ પોતાનો અનુભવ વ્યક્ત કરતાં કહે છે કે આ બહેનોના ચહેરા પર આંતરિક સંતોષ, શાંતિ તથા પવિત્રતાની રેખાઓ ઝગારો મારે છે. પરંતુ આ વ્યસ્ત લોકો ભાગ્યે જ એ કારણો પર વિચાર કરતા હશે જેના ફલ સ્વરૂપ, આંતરિક સામંજસ્ય, શાંતિ તથા સંતુષ્ટતા થી યુક્ત અવસ્થા બને છે. જ્યારે તેઓ આ પ્રાપ્તિઓને અમૂલ્ય સમજે છે છતાં પણ તેઓ એને પ્રાપ્ત કરવા માટે ગંભીરતાથી પ્રયાસ કરતા નથી.

અંત: નિરીક્ષણ તથા શાંત મનથી આ વિષય પર વિચાર કરવાથી એ નિષ્કર્ષ નીકળશે કે ઉચ્ચ કોટિ તથા અધિક માત્રામાં ભૌતિક પદાર્થોની પ્રાપ્તિથી સંતુષ્ટતા મળતી નથી. અજ્ઞાનતાની ઘોર રાત્રિની સમાપ્તિ બાદ જ સંતુષ્ટતાનો ઉદય થાય છે. વર્તમાન ભૌતિક જગતમાં થનારી પ્રાપ્તિઓ ક્ષણિક અને વિનાશી છે આ અનુભૂતિ જ સંતુષ્ટતાને જન્મ આપે છે. જેનાથી મનમાંથી ભૌતિક જગતની પ્રાપ્તિઓની ઈચ્છા સમાપ્ત થઈ જાય છે. માત્ર આવી જ વ્યક્તિ સંતુષ્ટ રહી શકે છે. તેથી સંતુષ્ટતા આધ્યાત્મિક જ્ઞાનની ઉચ્ચતમ સ્થિતિનો સંકેત કરે છે. જ્યાં ત્યાગ અને સેવાભાવ હોય અને સંપન્નતાની અનુભૂતિ હોય ત્યાં જ સંતુષ્ટતા વિકસે છે.

એ રીતે જ્યારે આંતરિક દ્વન્દ્વ સમાપ્ત થઈ જાય છે તથા મન બુદ્ધિનું સામંજસ્ય બની જાય છે ત્યારે જ માનવ માનસિક શાંતિની અનુભૂતિ કરી શકે છે. જ્યારે ચિંતાઓ, સાંસારિક પ્રાપ્તિઓ તથા અધિકારોની ઈચ્છાથી માનવ ઉપરામ થઈ જાય છે ત્યારે જ શાંતિનો જન્મ થાય છે. પવિત્રતા જ સુખ-શાંતિની જનની છે. જ્યારે મનુષ્ય વાસ્તવિક તથા સતત શાંતિની સ્થિતિમાં સ્થિત રહે છે, ત્યારે જ એના ચહેરા તથા મસ્તક પર પવિત્રતાની ચમક દેખાય છે.

સંતુષ્ટતા, પવિત્રતા તથા શાંતિ - આ ત્રિગુણ જીવનને જીવવા યોગ્ય બનાવે છે. એનું જીવનમાં ત્યારે જ પદાર્પણ થાય છે. જ્યારે કોઈ વ્યક્તિ આધ્યાત્મિક જ્ઞાન તથા રાજયોગનો નિરંતર અભ્યાસ કરતો રહે છે. યોગ તપસ્યા વિના માનવ આંતરિક શાંતિનો ન અનુભવ કરી શકે છે અને ન તો તેને કાયમ રાખી શકે છે.

પરંતુ સમસ્યા એ છે કે લોકો મોટેભાગે એ સમજે છે કે આધ્યાત્મિક જ્ઞાન રુચિકર નથી, કઠણ છે અને શ્રધ્ધા (કેટલી જગાએ 'અંધશ્રદ્ધા')નો વિષય છે. અને મંત્ર ઉચ્ચારણ તથા કર્મકાંડ પર આધારિત છે. પરંતુ વાસ્તવિકતા આ નથી. આધ્યાત્મિક જ્ઞાન એટલું જ રુચિકર છે જેટલા બીજા વિષય છે યોગ પણ ન તો કોઈ કર્મકાંડ છે અને ન તો એમાં કોઈ સંસ્કૃતના મંત્રોનું રટણ કરવાની આવશ્યકતા છે. મનન કરવું, યાદ કરવી (પરમાત્માની) અને અનુભવ કરવો એજ સહજ યોગ છે. હા, પ્રારંભમાં કેટલુંક પ્રશિક્ષણ લેવાની આવશ્યકતા છે. કોઈ મનુષ્ય અધિકાધિક કમાણીને પ્રાપ્ત કરવા માટે પોતાના ધનનો વ્યય કરે છે. એ રીતે થોડો સમય

**(અનુસંધાન પેજ નં. 07 પર)**

# સવારની શરૂઆત જીતથી થાય

બ્ર.કુ. સૂર્ય, જ્ઞાન સરોવર, માઉન્ટ આબુ



આપણે એકવાત જાણીએ છીએ. ઘણા લોકો સવારે ઉઠી શકતા નથી. રાતે બાર વાગ્યા સુધી જાગે છે. તેથી ઉઠવાનું સંભવ બનતું નથી. રાતે બાર વાગ્યા સુધી જાગે છે. સતત મોબાઈલ પર વળગ્યા રહે છે. એમને તો ઘણું નુકસાન થાય છે. મોડામાં મોડા છ વાગે ઉઠીને પોતાને ચાર્જ કરી દો. પોતાની દિનચર્યા સારી રીતે સેટ કરી લો. કારણ કે અમૃતવેળાનો અમૂલ્ય સમય ફરી ફરી આવશે નહીં. વિચારી જુઓ. અમૃતવેળાએ બાબા ખુલ્લી ઓફર કરે છે. મારી પાસેથી જે મેળવવું હોય તે મેળવી લો. આ સમય વીતાવશો તો ઉઠતાં જ તમારી હાર થશે. તો જીત કઈ રીતે થશે. પાંચ વાગ્યે ઉઠ્યા પછી નિરાશા આવશે. પ્રભુમિલન ગુમાવી દીધું. તો સવારથી જ પોતાને વિજયી બાનાવવાના છે.

## અમૃતવેળાએ બાબા પાસેથી વિજયનું તિલક

અમૃતવેળાનું મહત્ત્વ જ્ઞાન દ્વારા જાણીને બાબા પાસેથી ઘણું બધું મેળવી લો. પછી આપણે કહીએ છીએ કે બાબા અમને મદદ કરતા નથી. વાસ્તવમાં બાબાની બહુ મદદ મળે છે અને મળતી રહે છે. તો રોજ સવારે ઉઠીને હું માસ્ટર સર્વશક્તિમાન છું અને વિજયી રત્ન છું. આ તિલક બાબા પાસેથી લઈ લો. આ વરદાન લઈ લો. એટલા માટે એ સંકલ્પ કરો. એક સેકંડમાં અનુભવ કરો કે હું આકાશની ઉપર સૂક્ષ્મલોકમાં છું. આ સૂક્ષ્મલોકમાં ચારે બાજુ સફેદ પ્રકાશ છે. પૂર્ણિમાના ચંદ્ર જેવી ચાંદની છે. અહીં સ્વયંને પરમ આનંદના વાયબ્રેશનમાં જુઓ. સામે બાપદાદા છે. એમની ચારે બાજુ એક તેજસ્વી આભામંડળ છે. બાબા દૃષ્ટિ આપી રહ્યા છે, મસ્તક પર તિલક લગાવી રહ્યા છે બચ્ચે, તમે ઈશ્વરીય શક્તિઓથી ભરપૂર માસ્ટર સર્વશક્તિમાન છો. વિજયી રત્ન છો. આ બન્ને વાતોનો સ્વીકાર કરી લો. હું બહુ શક્તિશાળી છું. માયા પર વિજયી છું. બાબાએ દુઆઓના હાથ મારા મસ્તક પર મૂકી દીધા છે. અને હું આત્મા પરત આવી ગયો.

## કલ્પકલ્પના વિજયી આત્મા છો

એક બહુ જ સૂક્ષ્મ ચીજ પર ધ્યાન આપો. બાબા એ ઘણી વાર કહી છે એને પ્રેક્ટિકલ રીતે પોતાના અનુભવમાં લાવવાનું છે. બાબાએ કહ્યું છે કે તમે કલ્પ કલ્પના વિજયી છો. કલ્પ કલ્પ તમે માયાને જીતી છે. આપણે માત્ર સાંભળીને જ ખુશ ના થઈ જઈએ. એનું ચિંતન કરો. બાબા રોજ મુરલીમાં કહે છે માયા બહુ દુસ્તર છે. ઘણી શક્તિશાળી છે. માયાને જીતવાનું સરળ નથી. પણ બાબાએ આપણને માયાને જીતવાની શક્તિઓ આપી છે. સર્વશક્તિવાન સાથે સંબંધ જોડાઈ જાય તો એમની શક્તિઓ આવી જશે. માયાને જીતવાનું બળ પ્રાપ્ત થશે. હું કલ્પ કલ્પનો વિજયી આત્મા છું.

॥ ઓમશાંતિ ॥

- **જે બાળકો બાપ સ્નેહી છે તે સદા બ્રહ્માબાપની ભુજાઓમાં સમાયેલા રહે છે.**
- **ખુશીના ખજાનાથી સંપન્ન બનો, તો બીજા સર્વ ખજાનાઓ સ્વતઃ આવી જશે.**

# વિકર્મ વિનાશ તપસ્યાથી થાય છે, યાદથી નહીં.

બ્ર.કુ. ઉષાબેન, શાંતિવન, આબુરોડ



એકવાર આપણાં આદરણીય ગુલઝારદાદી સાથે ચીટચેટ ચાલી રહી હતી. દાદીને અમે કહ્યું કે દાદી, બાબા તો કહે છે સમય આપણા માટે થોભી ગયો છે, કારણ કે આપણે બાળકો તૈયાર થયાં નથી એટલે આ સમયે વિનાશજ્વાલા પ્રજ્વલિત થઈ રહી નથી. સમય થોભી ગયો છે અને બીજી બાજુ આપણે બ્રાહ્મણોને જોઈએ છીએ, બ્રાહ્મણ સંસારને જોઈએ છીએ તો એવું લાગે છે કે અહીં એવું દેખાય છે કે બ્રાહ્મણોની ચાલ જે રીતે સતોપ્રધાનતા તરફ જવી જોઈએ તેને બદલે ક્યારેક લાગે છે કે દુનિયાનાં આકર્ષણો તરફ જઈ રહી છે. તો શું કદી વિનાશ થશે જ નહીં. જો સમય આપણા માટે થોભી ગયો છે પણ આપણે તૈયાર થવાને બદલે બીજી તરફ જઈ રહ્યા છીએ તો તો શું વિનાશ થશે જ નહીં. મેં દાદીને કહ્યું કે બાબા સાકારમાં હતા ત્યારે આપ સૌએ જે તપસ્યા કરી છે તે સતોપ્રધાન તપસ્યા હતી, તે સમયને જલદી લાવતી. પરંતુ અત્યારે એ તપસ્યા ક્યાં છે? બ્રાહ્મણોના જીવનમાં તપસ્યા ક્યાં છે?

તો દાદી પ્રસન્નવદને કહેવા લાગ્યાં કે સમય તો આવશે અને તે બ્રાહ્મણો જ લાવશે. પણ કોઈ પણ ધર્મને ચાર અવસ્થામાંથી પસાર થવું પડે છે. બ્રાહ્મણ પણ ધર્મ છે. એટલે બાબાના સમયમાં તે સતોપ્રધાનતા હતી. ધીરે ધીરે સતોઆવી. પછી રજો અને તમો. હવે બીજું કંઈ જોવાનું બાકી છે, દાદીએ કહ્યું. અત્યારે તો બ્રાહ્મણ ધર્મમાં તમોપ્રધાનતા જોશો. જે કદી વિચાર્યું નહીં હોય તેવું થશે. મેં કહ્યું હવે દાદીએ કહ્યું કે બે પ્રકારનાં બાળકો થઈ જશે. એકને એવું લાગશે કે અહીં જે થઈ રહ્યું છે એનાથી તો દુનિયા સારી. તેઓ દુનિયામાં ચાલ્યા જશે, માયા તેને પોતાની તરફ ખેંચી લેશે. અને દુનિયા તો સારી જ બનશે ને. કારણ કે આ આત્માઓ પૂરા 84 જન્મ સાથે રહ્યા છે. જે સૌથી વધારે સતોપ્રધાન છે તે સૌથી વધુ તમોપ્રધાન પણ બનશે કે નહીં બને. દુનિયા પાછળથી આવીશ તો એમની તમોપ્રધાનતા પણ ઓછી છે. કારણ કે એમની સતોપ્રધાનતા પણ ઓછી છે.

અહીં જે જોવા મળશે તે બીજે ક્યાંય જોવા નહીં મળે. એવું પણ બનશે. એવું દાદીએ કહ્યું દાદીએ કહ્યું કે અત્યારે તો કંઈ જ નથી. પરંતુ આગળ જઈને એવાં દૃશ્ય જોશો તો જે પ્રકારના બાળકો બની જશે. નિશ્ચયબુદ્ધિ છે, જેમણે ભગવાનને જોઈને અપનાવ્યા છે. એમની અંદર બેહદનો વૈરાગ્ય આવશે. અને એટલો વૈરાગ્ય આવશે કે એમને લાગશે કે હવે થોડો સમય બાકી છે. આ બધી વાતો છોડો. હવે તપસ્યા કરો. અને એ બેહદના વૈરાગ્યથી જે તપસ્યા આરંભ થશે તે રિયલ તપસ્યા હશે. અત્યારે તો યોગ કરી રહ્યા છીએ, તપસ્યા નહીં. આટલા સમય સુધી વિકર્મ કરી રહ્યાં નથી પણ વિકર્મ તો ભસ્મ થવાં જોઈએને. અત્યારે આપણે જે કરીએ છીએ તેનાથી વિકર્મ બનતાં નથી પણ જે વિકર્મ દગ્ધ થવાં જોઈએ તે થતાં નથી. તપસ્યા તો ત્યારે થશે જ્યારે બેહદનો વૈરાગ્ય આવશે. જે આત્માઓ વિનાશ જ્વાલાને પ્રજ્વલિત કરશે એટલે આપણે તપસ્યા માટે બેહદની વૈરાગ્યવૃત્તિ ધારણ કરવી પડશે. ●

# આત્મસ્થિતિ શક્તિશાળી હોય તો કોઈપણ પરિસ્થિતિ મુશ્કેલ લાગતી નથી

બ્ર.કુ. ગીતાબેન, શાંતિવન, આબુરોડ



જ્યારે નોટબંધી અને જી.એસ.ટી.નો કાયદો આવ્યાં ત્યારે આપણા જ બાબાના બાળકે -બ્રહ્માવત્સ અનુભવ સંભળાવ્યો કે બીઝનેસનું એક પોતાનું એસોશિયેસન હોય છે. પછી તે સરકારના સેક્રેટરીને મળે છે. ત્યારે જોર શોરથી, ડીસ્ટર્બ થઈને બરાડા પાડીને પોતાની રજૂઆત કરે છે. આપણા ભાઈ (બ્રહ્માવત્સ) શાંતિથી બેઠા હતા. જ્યારે એમને પૂછવામાં આવ્યું તો શાંતિથી પોતાની વાત કરી. તેથી સેક્રેટરી ઘણો જ પ્રભાવિત થઈ ગયો. બધા જોરશોરથી બોલી રહ્યા હતા ત્યારે તમે શાંત હતા. તો એમણે કહ્યું કે જે વાત કહેવાની હતી તે તો મેં કરી પણ જો હું ગુસ્સે થઈ જાઉં, ડીસ્ટર્બ થઈ જાઉં, ગાળો બોલું, આપની સાથેનો વ્યવહાર બગાડું તેનો શો ફાયદો? તો એ સેક્રેટરી ઘણા પ્રભાવિત થયા. કે આ જ્ઞાન-યોગને કારણે આપનામાં આ શક્તિ આવી આમ સેક્રેટરીએ એમની વાત સાંભળી અને એમને મહત્ત્વ આપ્યું. તો બાબા આપણને રોજ એ શીખવાડે છે કે રોજ જ્ઞાન-યોગનો અભ્યાસ કરીને પોતાની સ્થિતિ બનાવો. એ સ્થિતિથી પરિસ્થિતિનો સામનો કરો.

આ રોજની પરિસ્થિતિઓમાં આપણે વિજયી બનીશું તો જે બાબા કહે છે કે અંતિમ પરિસ્થિતિઓમાં માયાજીત બનવાનું જે લક્ષ્ય છે તેના ઉપર વિજયી બની શકીશું. આપણું લક્ષ્ય તો માયાજીત બનવાનું છે. દુનિયામાં જોઈએ છીએ કે કેટલા લોકો ટોપ પર પહોંચે છે, સફળ થઈ જાય છે, પ્રસિદ્ધિ મેળવે છે, માન-સન્માન મેળવે છે. પછી શું થાય છે, એમનો જ કોઈને કોઈ સ્વભાવ, સંસ્કાર, કમજોરી એ ઊંચાઈથી એને પાડે છે. તો આપણું લક્ષ્ય- માયાજીત, કર્મેન્દ્રિયજીત, પ્રકૃતિજીત, કર્માતીત બનવાનું છે. આપણે તે પ્રમાણે બની શકીએ છીએ, તે કોઈ મુશ્કેલ નથી. ભગવાન બનાવી રહ્યા છે, સત્યજ્ઞાન આપી રહ્યા છે આપણે માત્ર હિંમતથી મજબૂત બનવાનું છે. અચલ, અડોલ રહેવાનું છે. પોતાના પુરુષાર્થમાં આગળ વધતા રહેવાનું છે.

જુઓ આપના શરીરમાં સ્થિરતા ન હોય, આપનું શરીર ડગમગી રહ્યું હોય તો તો આપને ચાલવામાં, ઉઠવામાં, બેસવામાં તકલીફ થાય છે. જેને પાર્કિસનનો રોગ કહેવામાં આવે છે. તો જીવનના દરેક કાર્યમાં સહજતા થોડી લાગશે. એ રીતે મન-બુદ્ધિ-સંસ્કારની સ્થિરતાની જે આપણે શુદ્ધિ અપનાવી છે, તેમાંથી હવે ડગવાનું નથી. આપણે જે આટલો પુરુષાર્થ કર્યો છે તેને સફળ બનાવવાનો છે. પછી આપને કંઈપણ મુશ્કેલ લાગશે નહીં. પોતાની આત્મસ્થિતિ શક્તિશાળી બનાવી દઈએ છીએ, તો કોઈપણ પરિસ્થિતિ મુશ્કેલ લાગતી નથી. મારે આ પરિસ્થિતિઓમાં અચલ - અડોલ રહેવાનું છે. પુરુષાર્થનો દીવો બૂઝવા આવે તે પહેલાં સમજદાર બનીને તેમાં ઘી નાંખો જેથી પુરુષાર્થની જ્યોત સ્થિત રહે.


દરેક લક્ષ્ય રાખે છે કે નાની દુકાન હોય, મોટી દુકાન હોય, શો રૂમ હોય, પાંચ લાખનું મૂડી

(અનુસંધાન પેજ નં. 10 પર)

## બ્રહ્માની અતિ વિશેષ ભુજા-રાઈટ હેન્ડ -

# રાજયોગિની દાદી કમલમણિજી

### બ્ર.કુ. હેમંતભાઈ, શાંતિવન, આબુ રોડ



યાદગાર શાસ્ત્રોમાં બ્રહ્માજીની બે વિશેષતાઓ પ્રસિદ્ધ છે, પહેલી - બ્રહ્માજીએ સંકલ્પોથી સૃષ્ટિ રચી અને બીજી - બ્રહ્માજીની હજાર ભુજાઓનું અદભુત વર્ણન! કળિયુગના અંતમાં, નિરાકાર શિવ મનુષ્ય તનમાં અવતરીત થઈ તેનું નામ આપે છે બ્રહ્મા. બ્રહ્મામુખ-કમળથી મનુષ્યોને જ્ઞાન આપી શૂદ્રથી બ્રાહ્મણ બનાવે છે - ત્યારે પોતાના તન - મન - ધનથી ભારતને સ્વર્ગ બનાવનાર આ જ બ્રહ્મા મુખવંશાવલી બ્રાહ્મણો એટલે કે બ્રહ્માનાં માનસ પુત્રો અને પુત્રીઓને બ્રહ્માની હજાર ભુજાઓ કહેવાય છે - એજ છે બ્રહ્માના હજાર હાથ અને તે ભુજાઓ દ્વારા નવસૃષ્ટિની રચનાનું રસપ્રદ રહસ્ય! બ્રહ્માની એ હજાર ભુજાઓમાં એક અત્યંત વિશેષ પરંતુ તેટલી જ ગુપ્ત ભુજા, સતયુગની સ્થાપનામાં સર્વસ્વ સમર્પણ કરનાર, ઈશ્વરીય સેવામાં સમય-સંકલ્પ-શ્વાસ સફળ કરનાર, સ્વર્ણિમ સંસાર રચવામાં શિવપિતાનાં મદદગાર અને બ્રહ્માબાબાનાં 'રાઈટ હેન્ડ એટલે કે જમણો હાથ' હતા રાજયોગિની દાદી કમલમણિજી! સાચા અર્થમાં, દાદી કમલમણિજી, તેમના નામ અને ગુણો અનુસાર, કમળફૂલ સમાન વિકારોનાં કિચડથી સદા ન્યારા, પ્રભુપિતાનાં પ્યારા અને પ્રજાપિતા બ્રહ્માબાબાના રાજદુલારી હતા.

દાદીજીનો લૌકિક જન્મ સિંધ હૈદરાબાદમાં થયો હતો. પિતા દયાલદાસજીએ તેનું નામ રાખ્યું 'કિશની!' શિવપિતા દ્વારા અવ્યક્ત વતનથી નામ મળ્યું 'કમલમણિ'. પિતા દયાલદાસજીને દાદીજી સહિત કુલ નવ કન્યારત્નો પ્રાપ્ત હતા, જેમાંથી 6 બહેનો જ્ઞાનમાર્ગે ચાલી હતી, એ 6 બહેનોને બ્રહ્માબાબા 'લકી સિસ્ટર્સ' કહેતા હતા. બાળપણમાં દાદીજીની દેખરેખ તેમના કાકા-કાકીએ કરી. તે દિવસોમાં હૈદરાબાદમાં ઓમ-મંડલીની ચર્ચાએ વેગ પકડ્યો હતો. સંજોગોવસાત દાદીજીના કાકા-કાકી પણ ત્યાં જ્ઞાનામૃત પીવા જવા લાગ્યા. બ્રહ્માબાબા ખૂબ જ દૂરંદેશી હતા. તેઓ જાણતા હતા કે યુગ પરિવર્તન માટે બાળકો જ સૌથી યોગ્ય માધ્યમ સાબિત થશે. જેમ ભીની માટીને આકાર આપવો સહેલો છે, તેમ બાળકોના સંસ્કાર પરિવર્તનથી સંસારનું પરિવર્તન સરળ બનશે - આ દૂરદર્શિતાથી બ્રહ્માબાબાએ બાળકો માટે શાળા ખોલી. તો કાકાએ દાદીને કહ્યું, 'તમે પણ એ શાળામાં જાવ.' દાદીના કાકા તેમને બોર્ડિંગ લઈને આવ્યા. ત્યાં બ્રહ્માબાબાના પ્રેમની પાલના મેળવ્યા પછી દાદીને સ્કૂલ એ પોતાનું ઘર જ ભાસવા લાગ્યું. ત્યાં હિન્દી-અંગ્રેજી ભાષાઓ શીખવવાની સાથે-સાથે આત્મા-પરમાત્માનું જ્ઞાન પણ આપવામાં આવતું. દાદી બોર્ડિંગમાં આવ્યા ત્યારે બાબાની નજર તેમના પર પડી, બાબાએ કહ્યું, 'આ પવિત્ર છોડ છે, તેઓને સંભાળવા પવિત્ર બહેનો જ જોઈએ', વાહ! દાદીનું કેટલું પદમાપદમ ભાગ્ય! જેમની પાલના અને શિક્ષણ પવિત્ર દાદીઓ અને પવિત્ર ધનથી થઈ. બાબા સમયાંતરે પરીક્ષા પણ લેતા, એકવાર પિતાજી બીમાર પડ્યા તો દાદીને ઘરે મોકલ્યા. દાદીએ

જઈને ગીત અને જ્ઞાન સંભળાવ્યું, બધાને ગમ્યું કે બોર્ડિંગમાં તો સારું ભણાવે છે. જ્યારે પિતાજીએ શરીર છોડ્યું, ત્યારે બાબાએ તેમને મોકલ્યા, તેઓ જોવા માંગતા હતાં કે દાદીનું વર્તન કેવું રહે છે. દાદી ગયા, પણ રડ્યા નહીં, તેઓ બાબાની પરીક્ષામાં પાસ થઈ ગયા.

1950માં બાબા-મમ્મા સાથે કમલમણિદાદી આબુ આવ્યા. બ્રહ્મામુખકમલથી પ્રાપ્ત જ્ઞાન દ્વારા બ્રાહ્મણ બનેલી બ્રહ્માકુમારીઓ જ જ્ઞાન ગંગા સાબિત થઈ. આ ચૈતન્ય જ્ઞાનગંગાઓ લોકોને જ્ઞાનામૃત પિવડાવવા ૧૯૫૨માં ભારતમાં ચારે બાજુ નિકળી પડી. કમલમણિદાદી બહુ નાની ઉંમરમાં જ જ્ઞાનમાં આવ્યા હતા, તેઓ સેવામાં નિકળ્યા ત્યારે પણ ઉંમર નાની હતી. બાબાએ દાદીને સેવા માટે દિલ્હી મોકલ્યા. તે શુભ દિવસ હતો '૨૬ જાન્યુઆરી, ૧૯૫૮'. સૌ પ્રથમ દાદી દિલ્લી રાજૌરી ગાર્ડન ગયા. થોડા દિવસો પછી માતેશ્વરી જગદંબા દિલ્હી પધાર્યા, ત્યાંથી મમ્માને ગુડગાંવ જવાનું હતું. મમ્માએ કમલમણિદાદીને કહ્યું, 'તમે મારા પહેલા ગુડગાંવ પહોંચી જાવ, ત્યાં સેવાની બધી તૈયારી કરો.' દાદીએ મમ્માને કહ્યું, 'હું તો નાની છું, તમે મને ત્યાં એકલા મોકલી રહ્યા છો?' મમ્માએ દાદીને કહ્યું, 'મોટા તો કામ કરે છે, પણ જ્યારે નાનાં કરીને બતાવે છે ત્યારે પ્રસિદ્ધિ મળે છે. જ્યારે નાનાં ઉપર જવાબદારીઓ આવે છે, ત્યારે બાબા તેમને મદદ કરે છે.' આ સાંભળી દાદીએ કહ્યું, 'હાં જી મમ્મા' દાદીએ જઈને ઉત્સાહપૂર્વક તૈયારી કરી. માતેશ્વરીએ આવીને જોયું અને કહ્યું, 'જુઓ, તું ભલે નાની છો છતાં આટલી સારી તૈયારી કરી છે!' પછી ત્યાં ખૂબ સારી સેવા થઈ. ગુડગાંવમાં સેવા કરી દાદી હાપુડ ગયા. તે પછી દાદી કમલાનગર (દિલ્હી) ગયા, જ્યાં ગુલઝારદાદી અને જગદીશભાઈ રહેતા હતા.

એકવાર બ્રહ્માબાબા દિલ્હી આવ્યા હતા, ત્યારે બાબાએ કમલમણિદાદીને પણ બોલાવ્યા. જ્યારે પણ બાબા દિલ્હી જતા ત્યારે આખી દિલ્હીના વિવિધ સ્થળોએથી બ્રાહ્મણો ભેગા થતા. બાબા રાજૌરી ગાર્ડનમાં થોડા દિવસો રોકાયા હતા, તે વખતે કૃષ્ણાનગરથી કેટલીક માતાઓ બાબાને મળવા આવી અને બોલી, 'બાબા, અમે મુરલી વિના નથી રહી શકતા, તમે કોઈ વ્યવસ્થા કરો.' બાબાને માતાઓ પર દયા આવી. બાજુમાં જ કમલમણિદાદી ઊભા હતા. બાબાએ દાદીને કહ્યું, 'તમે તેમની સાથે જાઓ' દાદીએ કહ્યું, 'બાબા, ત્યાં તો રહેવાની કોઈ જગ્યા નથી, કેવી રીતે રહીશું? શુ કરીશું?' બ્રહ્માબાબાએ કહ્યું, 'દીકરી, ત્યાં બધું જ તમને આસાનીથી મળી જશે,' બાબાના એ શબ્દો વરદાન બની ગયા, કારણ કે બાબાનાં બોલ્યા પછી થોડીવારમાં જ એક ભાઈ બાબાને મળવા આવ્યા અને કહ્યું, 'બાબા, જમુના પાર કૃષ્ણાનગરમાં મારો એક ખાલી પ્લોટ છે, તેમાં એક કાચી રૂમ બનેલી છે, ત્યાં માતાઓ જ્ઞાન સાંભળી શકે છે.' તો બાબાએ કહ્યું, 'જો દીકરી, બાબાની વાત સાકાર પણ થઈ ગઈ.' પહેલવહેલુ બિલકુલ ફ્રીમાં મળેલું સ્થાન આ જ હતું. દાદી માતાઓ સાથે આવી ગયા. ક્લાસ કરાવવો, દિનચર્યાના દરેક કાર્ય તે આ નાનાં રૂમમાં થવા લાગ્યા. દાદીની લગની અને તેમની સરળતાથી માતાઓ ખૂબ જ ખુશ હતી. ઘણાં સમય પછી કૃષ્ણાનગરમાં એક ભાડે મકાન લીધું.

ઈશ્વરીય સેવાઓ વધવા લાગી, ત્યારે જગદીશભાઈએ 1980માં લિટરેચર ડિપાર્ટમેન્ટ (સાહિત્ય વિભાગ) કૃષ્ણાનગર મોકલી દીધો. ત્યાં પ્રિંટીંગ થવા લાગ્યું અને સેવાઓ ઝડપથી વધવા લાગી, એ દાદીને મળેલા વરદાન 'તમને બધું સરળતાથી અને તૈયાર મળશે' તેની કમાલ હતી.

દાદી દ્વારા સેવાસ્થાનો ફટાફટ ખુલવા લાગ્યા. બહેનોની જરૂર હતી, તેઓ પણ પોતાની મેળે આવવા લાગ્યા. 13-14 સેવાકેન્દ્રો અને 60-70 ગીતાપાઠશાળાઓ ખૂલી ગઈ હતી. 150 બહેનો સમર્પિત થઈ ગઈ હતી, આટલી શાખાઓ, બહેનોની વ્યવસ્થા અને દેખરેખની જવાબદારી દાદી સરળતા અને સહજતાથી નિભાવતા હતા, તેમનો દરેક સાથે એટલો સ્નેહ હતો કે તેઓ આસાનીથી દરેકની સમસ્યાઓનું નિરાકરણ કરતાં, તેઓ પોતે પણ હલકાં રહેતા અને બીજાને પણ હલકા રાખતા. દાદીજીની સેવાઓની ગોલ્ડન જ્યુબિલી (સુવર્ણ જયંતી)નું આયોજન કર્યું હતું, ત્યારે દાદીને પડી જવાને કારણે તેમના હાથમાં ઈજા થઈ હતી, તેથી દાદીને કાર્યક્રમ મુલતવી રાખવા માટે પૂછ્યું. પરંતુ દાદીએ પોસપોંડ કરવાની ના પાડી. દિલ્હીથી ચક્રધારીદીદી, શુક્લાદીદી, આશાદીદી, બ્રિજમોહનભાઈ સાથે ત્રણ હજાર ભાઈ-બહેનો આવ્યા. પરંતુ કોઈને ખબર ન પડી કે દાદીને ઈજા થઈ છે. દરેકની સંભાળ રાખતી વખતે પણ દાદી હંમેશા ન્યારા-નિર્મોહી, નિર્માણચિત્ત અને નમ્ર હતા. તેઓ વડીલોને જેટલો આદર આપતા, તેટલો જ આદર તેઓ પોતાનાથી નાનાંઓને પણ આપતા હતા.

જ્ઞાનામૃત પત્રિકાના સંપાદક, આત્મ-પ્રકાશભાઇ દાદીજીની વિશેષતાઓ વર્ણવે છે, 'દાદીજી ખૂબ જ સરળ, સાદગી, સદા સંતુષ્ટ રહીને દરેક વાતમાં ખુશ રહેનાર સંતુષ્ટમણિ હતાં, તેમનામાં ક્યારેય કોઈ બનાવટીપણું કે આડંબર નહોતો જોયો. દાદીને રૂહાની અભ્યાસનો ખૂબ જ શોખ હતો. દાદી ક્યારેય નિષ્ક્રિય બેસી ન રહેતા, હંમેશા જ્ઞાન મુરલીનું મંથન કરી પોઈન્ટસ રૂપી માખણ કાઢી, તે જ્ઞાનરત્નોને લખીને મન-મોહિનીદીદીને મોકલતા. બધાને જ્ઞાન સંભળાવીને રિફ્રેશ કરતા હતા. દૈહિક મૂર્તિ નાની હોવા છતાં, દાદીમાં વિશાળ ગુણો હતા. 'ન દુઃખ આપવું, ન દુઃખ લેવું. દરેકને સંતુષ્ટ રાખવા' એ તેમનું લક્ષ્ય રહેતું. દાદી તો સહનશીલતાની દેવી હતા. એકવાર તેમના હાથે ફ્રેક્ચર થયું, મેં પૂછ્યું, 'તમને દુખાવો થાય છે?' તો તેમણે હસતાં હસતાં કહ્યું, 'બહુ નહીં, થોડોક.' અંતિમ ક્ષણોમાં પણ દાદીજીને બહુ દુઃખ સહન નહોતું કરવું પડ્યું કારણ કે દાદીએ ન કોઈને દુઃખ આપ્યું હતું કે ન કોઈની સેવા લીધી હતી. ખૂબ જ સહજતાથી, 28 ઓગસ્ટ, 2018ના રોજ રાત્રે 10.10 કલાકે, કોઈ પણ પીડા વગર દેહત્યાગ કરી દાદીજીનો આત્મા શિવબાબાની ગોદમાં સમાઈ ગયા.

**॥ ઓમશાંતિ ॥**

**અનુવાદ - બ્ર.કુ. વિજયપોશિયા,**
**ઈન્ડિયા કોલોની, અમદાવાદ.**

---

**(પેજ નં. 21નું અનુસંધાન)... પ્રસંગ પરિમલ**

ભાઈ રસ્તા પર જવા લાગ્યો. રાક્ષસે પણ એ પાછળ જુએ તે માટે ઘણી યુક્તિઓ કરી, બહુ લાલચ આપી પરંતુ એણે પાછું વળીને જોયું નહીં. ગુફામાં જ્યાં એની બહેનને રાખી હતી ત્યાંથી છોડાવવા ગયો અને પાંજરામાં રાખેલા પોપટનું મસ્તક કાપી દીધું. જેનાથી રાક્ષસનો જીવ ચાલ્યો ગયો અને ત્રણે ભાઈ પથ્થર બન્યા હતા તે જીવિત થઈ ગયા.

શીખ - એટલા માટે કહેવામાં આવ્યું છે કે પોતાના લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત હોય તો આસપાસની ઘટનાઓ એને પ્રભાવિત કરી શકતી નથી.

**॥ ઓમશાંતિ ॥**

### આધ્યાત્મિક સશક્તિકરણ

## સ્વસ્થ, સ્વચ્છ સમાજ.

બ્ર.કુ. ડૉ. ગોદાવરીબેન, મુલુંદ, મુંબઈ

ચાલો બનાવીએ સ્વસ્થ, સ્વચ્છ સમાજ,
પરંતુ ઈશ્વરીય શક્તિ વિના જીવન સદા નારાજ.
વર્તમાન સમય પરિવર્તનનો એનો સાંભળો અવાજ,
બનવું છે દેવતુલ્ય તમને કાલ બનો કે આજ.
એક તરફ પ્રકૃતિનાં પાંચ તત્ત્વો મચાવે હાહાકાર,
માનવ આત્મા દુઃખી અશાંત બની રહ્યો છે આજ.
ઈર્ષ્યા, અદેખાઈની ગહનછાયામાં લડે આંખો આજ,
સ્વાર્થ, પ્રલોભન, સંઘર્ષોથી વહી રહી રક્ત ધાર.
દાદ ફરિયાદના વિવાદમાં માનવ બન્યો લાચાર,
લડવું કઈ રીતે હવે છે કર્મોનો પ્રહાર.
માનવ મન પર સમસ્યાઓ વધી જે સહન ન થાય.
કોને કહેવી મનની વાતો મન કરે વિચાર.
મૃત્યુના મુખમાં આવી જતાં અનેક નરને નાર,
સત્તા અને સંપત્તિ માટે કરે છે આવિષ્કાર.
દૈવી સ્વભાવ, સંસ્કારનો કરી રહ્યા બહિષ્કાર,
સતપથ પર ચાલતાં બને સુખમય સંસાર.
અપમાન અહંકારે ફેલાવ્યો છે અંધકાર,
મતભેદ, મનભેદને લીધે સૂકાઈ રહ્યાં છે નીર.
જાગો માનવ આત્માઓ કાંટાથી બનો ફૂલ,
શુભભાવના રાખી કરતા રહો પરોપકાર.
એક પિતાનાં સંતાનો સૌ સાથ પ્રેમ જીવીએ.
સ્વસ્થ, સ્વચ્છ સમાજ બને એ છે જીવન સાર.

॥ ઓમશાંતિ ॥

## હવે શું

બ્ર. કુ. જૂનાગઢ

પામ્યા પરવરદિગારના પ્રેમ,
હવે શું ભૌતિકતામાં પામવાનું,
ઉજાગર થયા ભાગ્ય જીવનના,
હવે શું લૌકિકમાં ઉજવવાનું,
સરોવર છલ્યા જ્ઞાન સાગરનાં,
હવે શું ભક્તિમાં દેખાડવાનું,
હૈયા-હેતના હિંડોળા હેલાણા,
હવે શું માયામાં ફસાવવાનું
ચડતી કલાનાં કલાકાર કેવાણા,
હવે શું નીચે ઉતરવાનું,
મન, બુદ્ધિને, સંસ્કાર એક થયાને,
હવે શું આમ-તેમ ભટકવાનું,
બનેલું બધું બની રહ્યું છે,
હવે શું પેપરથી ગભરાવવાનું,
કરેલા કર્મ ચૂકતું થયાને,
હવે શું બંધનને બંધાવવાનું,
જ્ઞાન માર્ગના ગગન ગાજ્યાને,
હવે શું મનમાં યુદ્ધ કરવાનું,

॥ ઓમશાંતિ ॥

- **ઉદ્યમ, સાહસ, ધીરજ, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ જ્યાં વસે છે ત્યાં નસીબ પણ મદદ કરે છે.**
- **જીભને જિહ્વારસ અને કડવી વાણીથી દૂર રાખો.**
- **સર્વ પ્રાપ્તિઓથી સદા સંપન્ન રહો તો સદા હર્ષિત સદા ખુશી અને ખુશનસીબ બની જશો.**

# પ્રસંગ પરિમલ

## કવચથી સુરક્ષા

એક વિશાળ સરોવરમાં વિશાલ નામનો એક કાચબો રહેતો હતો. એની પાસે એક મજબૂત કવચ હતું. આ કવચ એને શત્રુઓથી બચાવતું હતું. કેટલીયે વાર કવચને કારણે એનો જીવ બચ્યો હતો. એકવાર ભેંસ સરોવરમાં પાણી પીવા આવી. ભેંસનો પગ વિશાલ ઉપર પડી ગયો. આમ છતાં વિશાલને કંઈ થયું નહીં. એનો જીવ કવચથી બચ્યો હતો. એને ઘણી ખુશી થઈ કારણ કે વારંવાર એનો જીવ બચ્યો હતો.

તે કવચ વિશાલને કેટલાક દિવસોમાં વજનદાર લાગ્યું. એણે વિચાર્યું કે આ કવરથી બહાર નીકળીને જિંદગી જીવવી જોઈએ હવે તો હું બળવાન બની ગયો છું. મારે કવચની જરૂર નથી. વિશાળ બીજા જ દિવસે કવચને સરોવરમાં મૂકીને આસપાસ ફરવા લાગ્યો.

અચાનક હરણનું ટોળું સરોવરમાં પાણી પીવા આવ્યું. ઘણી હરણીઓ પોતાનાં સંતાનો સાથે પાણી પીતી હતી. એ હરણીઓના પગની ચોટ વિશાલને લાગી તે રડવા લાગ્યો. આજે એણે પોતાનું કવચ પહેર્યું નહોતું. જેને કારણે એને જોરદાર ચોટ લાગી. વિશાલ સરોવરમાં ગયો અને કવચને પહેરી લીધું. કમસે કમ કવચથી જીવતો બચે છે.

શીખ - પ્રકૃતિ દ્વારા મળેલી ચીજનો આપણે સન્માન પૂર્વક સ્વીકારી લેવી જોઈએ.

## નિરંતર પ્રયાસ કરતા રહો

રાની એક કીડીનું નામ છે. જે પોતાના સમૂહની છૂટ્ટી પડી હતી. ઘરનો રસ્તો નહીં મળવાને કારણે તે ઘણા સમયથી પરેશાન હતી. રાનીના ઘરના લોકો એક દરમાં જઈ રહ્યા હતા. ત્યારે જોરથી પવન ફૂંકાતાં તે છૂટી પડી ગઈ. તે પોતાના ઘરનો રસ્તો શોધતી હતી.

લાંબા સમય સુધી ભટક્યા બાદ તેને ભૂખ અને તરસ લાગી. રસ્તામાં ગોલૂના ખિસ્સામાંથી પડી ગયેલી ચોકલેટ મળી. રાનીનું ભાગ્ય ખૂલી ગયું. રાનીએ પેટ ભરીને ચોકલેટ ખાધી. એનું પેટ ભરાઈ ગયું. રાનીએ વિચાર્યું કે ઘરવાળા માટે લઈ કારણકે ચોકલેટ મોટી હતી. રાની એને ઉઠાવવાની કોશિશ કરતી હતી પણ તે પડી જતી હતી. રાનીએ હિંમત હારી નહીં. તે બન્ને હાથ અને મોઢાથી ચોકલેટને મોઢામાં પકડી લેવી હતી. ઘસડતાં ઘસડતાં તે પોતાના દરમાં પહોંચી ગઈ. એનાં મમ્મી, પપ્પા અને ભાઈ-બહેનોએ જોયું તો તેઓ દોડતાં આવી ગયાં. પછી પાર્ટીની શરૂઆત થઈ.

શીખ - લક્ષ્ય ગમે તેટલું મોટું હોય પણ નિરંતર સંઘર્ષ કરવાથી પ્રાપ્તિ થાય છે.

## મિત્રતા હોય તો નિઃસ્વાર્થ ભાવની

મોતી ત્રીજા ધોરણમાં ભણતો હતો. તે સ્કૂલ જતી વખતે બે રોટલી લઈને જતો હતો. રસ્તામાં મંદિરની બહાર એક નાની ગાય રહેતી હતી. તે બંને રોટલીઓ એ ગાયને ખવડાવતો હતો. મોતી કદી ગાયને રોટલી ખવડાવવાનું ભૂલતો નહીં. ક્યારેક ક્યારેક સ્કૂલમાં જવાનું મોડું થતું છતાં પણ તે રોટલીઓ ગાયને ખવડાવ્યા વિના જતો ન હતો. સ્કૂલમાં મોડું થતાં મેડમ એને ધમકાવતી પણ હતી. તે ગાય એટલે પ્રિય હતી કે મોતીને જોઈને ખુશ થઈ જતી. બન્ને સારા મિત્રો બની ગયા હતા.

એક દિવસની વાત છે. મોતી બજારમાંથી સામાન લઈને ઘેર આવી રહ્યો હતો. મંદિરની બહાર કેટલાક છોકરાઓએ એને પકડી લીધો. ગાય મોતીને સંકટમાંથી બચાવવા માટે દોડી. ગાયને પોતાની તરફ આવતાં જ છોકરાઓ ભાગી ગયા. મોતીએ ગાયને ભેટી પડ્યો. એને બચાવવા માટે આભાર માન્યો.

શીખ - ગાઢ મિત્રતા સદાય સુખકારી હોય છે. નિઃસ્વાર્થ ભાવથી વ્યક્તિએ મિત્રતા કરવી જોઈએ. સંકટમાં મિત્ર જ કામમાં આવે છે.

## મિજાજ કંઈ આવો હોય

શ્યામ ઘણો શયતાન અને ગુસ્સાવાળો હતો. કોઈની સાથે સારી રીતે વાત જ કરતો નહોતો. એના પિતાને મોટેભાગે એની ફરિયાદો સાંભળવાં મળતી હતી. તે સૌની સાથે ખરાબ વર્તન પણ કરવો અને વાતવાતમાં ગુસ્સે થઈ જતો. બીજાઓ સાથે લડાઈ અને મારપીટ પણ કરતો હતો.

એના પિતા આવી ફરિયાદોથી તંગ થઈ ગયા હતા. એક દિવસે એમણે પોતાના પુત્રને બોલાવ્યો. ઘરના આંગણામાં ઊગેલા લીમડાના વૃક્ષની એક સૂકાઈ ગયેલી અને એક લીલી ડાળી લાવવાનું કહ્યુ. પછી બન્ને ડાળીઓ શ્યામને આપી દીધી. તેને વારાફરતી તોડવાનું કહ્યું. સૂકી ડાળી તો એક ઝટકાથી જ તૂટી ગઈ. પણ લીલી ડાળી વળી ગઈ પણ તૂટી નહીં. શ્યામના પિતાએ એને કહ્યું, જુઓ બેટા, સૂકાઈ ગયેલી ડાળી મજબૂત હતી પણ તે તૂટી ગઈ. પણ લીલી ડાળ નરમ હતી પણ તે વળી ગઈ પણ તૂટી નહીં. આ રીતે જે લોકો કઠોર અને ગુસ્સાવાળા હોય છે. જેનામાં નમ્રતા અને ધીરજ નથી તેઓ જલદીથી તૂટી જાય છે. પરંતુ જે લોકો નરમ અને ગુસ્સામુક્ત હોય છે. એમનામાં પરેશાનીઓનો સામનો કરવાની શક્તિ વધારે હોય છે એ દિવસ પછી શ્યામ સુધરી ગયો અને સૌ સાથે હળીમળીને રહેવા લાગ્યો.

## પોતાના લક્ષ્યથી દૂર ના જાઓ

એક નગરમાં ચાર ભાઈ રહેતા હતા. એમની એક નાની બહેન ગુડિયા હતી. એકવાર ગુડિયા બહાર જઈ રહી હતી તો ચારે ભાઈઓએ કહ્યું, જુઓ ગુડિયા એકલી બહાર ન જાય. પરંતુ ગુડિયા બોલી હવે હું મોટી થઈ ગઈ છું. થોડી દૂર તો જઈ શકું છું. ગુડિયા થોડી દૂર ગઈ અચાનક રસ્તામાં એને એક રાક્ષસે પકડી લીધી અને પોતાની ગુફામાં લઈ જઈને કેદ કરી દીધી.

સાંજ સુધી જ્યારે ગુડિયા પાછી આવી નહીં તો ચારે ભાઈઓને ચિંતા થવા લાગી. એમાંથી ત્રણ ભાઈ ગુડિયાને શોધવા નીકળ્યા. ત્રણે ભાઈઓએ એ મહાત્માને પૂછ્યું, હે મહાત્મા ! આપે અમારી બહેન ગુડિયાને જોઈ છે? મહાત્માએ કહ્યું, હા એને રાક્ષસ આ રસ્તાથી પોતાની ગુફામાં લઈ ગયા છે. એ રસ્તા પર જાઓ. પણ કોઈપણ સંજોગોમાં પાછું વળીને જોતા નહીં, નહીંતર પથ્થર બની જશો.

જ્યારે એ રસ્તા પર ત્રણે ભાઈ જવા લાગ્યા તો પાછળથી અવાજ આવ્યો થોભી જાઓ. અને જેવું તેમણે પાછળ જોયું તો પથ્થર બની ગયા ઘેર રહેલા એક ભાઈએ ઘણી રાહ જોઈ. જ્યારે ત્રણે ભાઈ પાછા ન આવ્યા તો તે ખુદ ગુડિયા અને ત્રણ ભાઈઓની શોધમાં નીકળ્યો. એને પણે એ સાધુ બાબા મળ્યા. સાધુ બાબાને પૂછતાં એમણે ત્રણે ભાઈઓને જણાવ્યું કે તમારી બહેન અને ભાઈઓ આ રસ્તેથી ગયા છે. પણ પાછળ જોશો નહીં, નહીંતર પથ્થર બની જશો. મહાત્માએ કહ્યું જ્યારે ત્યાં પહોંચી જાઓ તો ગુફાની અંદર જતાં પહેલાં, પાંજરામાં એક પોપટ મળશે એને મારી નાખશો, તો તે પથ્થર બન્યા છે તે જીવિત થઈ જશે. ચોથો

**(અનુસંધાન પેજ નં. 18 પર)**

## બેહદ ડાયમંડ હોલમાં પ્યારા દાદી કુમારકાજી સાથેની

# કુમારોની અનોખી રાજ્યસભા

બ્ર.કુ. વિવેકાનંદ, મહાદેવનગર, અમદાવાદ

વાત છે આજથી ૨૪-૨૫ વર્ષ પહેલાની. પ્યારા બાપદાદાની સીઝન અને કુમારોનો ટર્ન.. બેહદ ડાયમંડ હોલ એકદમ ફુલ્લ... સવારે ૧૧ - ૧૧.૩૦નો સમય.. ડાયમંડ હોલના બધાજ બારી-બારણા બંધ.. સ્ટેજ પર કુમારોની દાદી **'દાદી કુમારકા'** અર્થાત દાદી પ્રકાશમણિજી. વિશાળ સભાખંડમાં ૭૦૦ બ્રાહ્મણોથી શ્રેષ્ઠ એવા હજારો મહાન તપસ્વી કુમારો. **બેહદ ડાયમંડ હોલમાં પ્યારા દાદી કુમારકાજી સાથેની કુમારોની કેવી અનોખી સભા હતી એ!**

પ્યારા દાદીજી કુમારોની સખી બની ચીટચેટના મુડમાં હતા.. પ્રેમ સ્વરૂપની સાથે-સાથે શક્તિ સ્વરૂપા, સાથે-સાથે ધર્મરાજની રાઈટ હેન્ડ પણ.. આવું સ્વરૂપ મેં પહેલા ક્યારેય જોયું ન હતું, કુમારોએ નાખેલા ચિત્ર-વિચિત્ર દડા સામે બે કલાકથી પણ વધારે સુધી ચાલતી દાદીજીની ધુંઆધાર બેટિંગ.. અવિસ્મરણીય.. જબરદસ્ત... રોમાંચક... અને અદ્ભુત!

સૌના હૈય્યામાં સ્થાન પામેલાં પ્યારા દાદીજીની ઉપસ્થિતિમાં આજે એક-એક કુમારનો જીગરદીપ ઝળહળી ઉઠ્યો હતો.. બંધ બારી-બારણામાં પણ દરેકના મૂક પુષ્પો ખીલી ઉઠ્યા હતા.. દરેક પુષ્પોની ખુશ્બુ પણ નિરાળી હતી. દાદીજી એક એક મહેકતા કુસુમોની સુંગધથી ખુશ થતા હતા. કુમારોના હૈય્યામાં ક્યાંક છુપાયેલી વાતોને તેમના હોઠો પર થનગનવા માટે બેહદનું સ્ટેજ હોય એમ ભાસતું હતું... એકથી એક ચઢીયાતા અનુભવો શેયર કરતા હતા ત્યારે દાદીજીના મુખકમલ પર દેખાતા પોતાનાપણાને લીધે કુમારો હળવાશનો અનુભવ કરી રહ્યા હતા. દાદીજીને મળ્યા બાદ હૃદયની આતુરતા શાંત થતી જણાતી હતી... સૌ કુમારોએ અસ્તિત્વના એંધાણ પણ ચારે કોર મૂકી સચ્ચાઈથી પોતામેલના ચોપડા ખૂલ્લા મૂકી દીધા હતા. પૂર્વગતા અમાસના દિવસો આજે પૂર્ણિમાની ચાંદનીમાં પરિવર્તિત થઈ ગયા હતા.. ક્યાંક શ્રેષ્ઠ પુરુષાર્થની અમર ગાથાઓ સંભળાતી હતી તો ક્યાંક રાવણની દુનિયામાં રહેતા અચલ અંગદની પ્રેરણાદાયી કથાઓથી ડાયમંડ હોલ ગૌરવનો અનુભવ કરી રહ્યો હતો... ક્યાંક ફરિયાદ પણ હતી તો ક્યાંક હૈય્યે ધારણ કરેલી આપવીતીની નમ્ર આંખોથી વર્ણવેલી વાર્તાઓ.

આજે ડાયમંડ હોલનો ઈતિહાસ સ્વર્ણિમ પાનાઓથી વિશેષ તેજસ્વી કલમોથી લખાઈ રહ્યો હતો. આ બધું જોતા, સાંભળતા, અનુભવતા હું કેટલો સૌભાગ્યશાળી છું એનો અહેસાસ મને ગગનચુંબી ખુશી અપાવતો હતો. આજે હું એક એવી સભાનો સાક્ષી બન્યો છું કે જ્યાં સ્વયં ભગવાને ક્યાં-ક્યાંથી એક-એક અમૂલ્ય રત્નોને શોધી સૌને એક જ જગ્યાએ ભેગા કર્યા છે. દુનિયાના દરેક ખૂણામાંથી મહાન આત્માઓની પસંદગી કરી બેહદની હારમાળા તૈયાર કરી છે. એક-એક ચૈતન્ય દીપકોનું ભાલ પદ્માપદ્મ ભાગ્યની રેખાઓથી સ્વયં પ્રકાશિત છે. એમના હૈય્યામાં બેહદના વૈરાગ્યની સાથે પ્રભુપ્રીતની ધૂણી ધગધગી રહી છે. પ્રભુપ્રિતની અગ્નિએ એવો જોમ

ભર્યો હતો કે ભૂતકાળના ભૂતો પણ ભસ્મીભૂત થઈ ગયા હતા. રાખ પણ નામશેષ રહી ન હતી. પરિણામ સ્વરૂપે ડાયમંડ હોલ ફરિશ્તાઓની સભામાં ફેરવાઈ ગયો હતો. આવી સભામાં દાદીજી સોળે કળાએ ખીલેલા હતા. આજે દાદીજીના સાનિધ્યમાં સંગમયુગી શ્રેષ્ઠ રાજ્યસભા રચાઈ હતી. પ્યારાં દાદીજી સૌને ધ્યાનથી સાંભાળતા હતા. સમસ્યાઓ, પરિસ્થિતિઓ તેમજ વિઘ્નો નિવારણમાં તબદીલ કરી રહ્યા હતા. કુમારોની જિજ્ઞાસા વૃત્તિની પરાકાષ્ઠા અનુભવાતી હતી. સખી સ્વરૂપા દાદીજી દિવ્ય સબમરીન બન્યા હતા અને આધ્યાત્મિકતાના મહીન સાગરમાં ગોતા-ખોરો બની કુમારો ઊંડાણમાં જઈ આજે મોતીઓ વીણતા હતા. દાદીજી સર્વની મનોકામના પૂર્ણ કરવાવાળી કામધેનુ બની એક-એકને સંતુષ્ટ કરી રહ્યા હતા. યજ્ઞની મહાનતા અને યજ્ઞ માટેનો જીગરી સ્નેહ દાદીજીના રોમરોમથી પ્રત્યક્ષ થઈ રહ્યો હતો.

દાદીજી યજ્ઞની વાતો ખૂબ જ નશાથી સંભળાવતા હતા. યજ્ઞના જુના ગીતો ગાઈને બતાવતા હતા. ગીતોની મહિમા કરતા હતા. ત્યારે એક કુમારે ઉભા થઈને કહ્યું કે દાદીજી મને જૂના ગીતો નથી ગમતા. કુમારે પોતાની વાત પૂરી પણ કરી ન હતી દાદીજીએ તરત જ જવાબ આપતા કહ્યું. **'ઓ મારા મીઠા ભાઈ, બાબાનો યજ્ઞ મહાન છે. યજ્ઞને સંભાળતા દરેક બ્રાહ્મણો મહાન છે અને યજ્ઞની દરેકે દરેક વસ્તુ મહાન છે, શ્રેષ્ઠ છે. માટે પ્રાણપ્યારા બાબા અને બાબાએ રચેલો યજ્ઞ મને પ્રિય છે, બાબાના દરેક બાળકો મને પ્રિય છે, બાબાની દરેક વાતો, બાબાની દરેક વસ્તુઓ મને પ્રિય છે. કારણ મારા બાબાને તે પ્રિય છે. એટલે 'મને ગમતું નથી, મને ફાવતું નથી, મને ભાવતું નથી' આ વાક્યો મારા કે બ્રાહ્મણોના ડિક્ષનરીમાં નથી.'** દાદીજીના આ વાતથી હોલમાં સન્નાટો છવાઈ ગયો હતો. સૌની આંખો નમ્ર થઈ ગઈ હતી. દાદીજીનો યજ્ઞ પ્રતિ, બાબા પ્રતિ અને બાબાના દરેક વ્યક્તિ, વસ્તુ કે સંસાધનો પ્રત્યેનો અતૂટ પ્યાર, નિશ્ચય અને નશો પરાકાષ્ઠાએ હતો.

એ સભામાં અનેક ગુહ્ય રહસ્યો ઉદ્ઘાટિત થઈ રહ્યા હતા. દરેક કુમારો બુદ્ધિ રૂપી ગાગરને વિશાળ બનાવી બેઠા હતા. કારણ ૬૨ - ૬૩ વર્ષના અનુભવોની અમી વર્ષા થઈ રહી હતી. આજે જ્ઞાનસાગરની જ્ઞાન સરિતાનો પ્રવાહ નિશ્ચલ રીતે ઉછળી રહ્યો હતો. કુમારોની આંખો એકાગ્ર થઈ માત્રને માત્ર દાદીજીને ચાત્રક દૃષ્ટિએ નિહાળી રહી હતી. બંને કાનો વિશાળ કુંભ બની પહોળા થઈ ગયા હતા. દાદીજીના મુખારવિંદથી સરી પડેલા એક-એક જ્ઞાનરત્નોથી એ કુંભ છલકાઈ જાય ત્યાં સુધી ભેગા કરવાની દરેકની શ્રેષ્ઠ મનસા હતી. પ્યારાં દાદીજી સાથેની એ સ્વર્ણિમ પળોને દરેક જન બાંધી રાખવા માંગતા હતા. દરેકને એમ જ હતું કે આ અમૂલ્ય સમય ક્યારે પણ પૂરો ન થાય. દાદીજીના પવિત્ર પ્રકમ્પનો, કુમારોની લાગણીને મહસૂસ કરતા સમયને પણ નશો ચઢ્યો હતો અને તે પણ થંભી ગયો હતો. પહેલી વાર અનુભવાતું હતું કે સમય પણ નતમસ્તક થઈ શકે છે.

પ્રશ્નોત્તરનો અદ્ભુત સિલસિલો ચાલુ હતો ત્યારે એક પ્રશ્નએ સૌના કાનને ઊંચા કરી દીધા. એક કુમારે પ્રશ્ન કર્યો કે દાદીજી, **શું કોલ્ડ ડ્રીંક પીવું જોઈએ? આઈસ્ક્રીમ ખાવી જોઈએ? શ્રીમત શું કહે છે?** ત્યારે દાદીજીએ ખૂબ જ ગંભીરતાથી પ્રશ્ન સાંભળી ધૈર્યતાથી જવાબ આપ્યો. **'હે મીઠા ભાઈઓ, બાબાની શ્રીમત છે કે બ્રાહ્મણોએ શુદ્ધ, સાત્વિક, પવિત્ર ભોજન જ સ્વીકારવું જોઈએ. શુદ્ધ, સાત્વિક પવિત્ર ભોજન બ્રાહ્મણ**

**જીવનનો એક પાયો છે. માટે દાદી કહે છે કે કોઈ પણ કુમાર કે કુમારીઓએ બહારની કોલ્ડ ડ્રીંક પીવી જોઈએ નહી કે આઈસ્ક્રીમ ખાવી જોઈએ નહી. ખાનપાનની શુદ્ધિ કુમાર-કુમારી જીવનની વિશેષતા છે, મહાનતા છે અને શ્રેષ્ઠતા છે.'** આ વાતો સંભળાવતાં દાદીજીએ એક મહત્વપૂર્ણ વાત ઉમેરતા કહી કે 'કેટલાક એવું વિચારે છે કે દાદીજી પણ લિમ્કા પીવે છે તો આપણે પીધું તો શું ખોટું કર્યું! પણ **દાદીજી કેમ અને ક્યારે પીવે છે? એ વિચાર્યા વગર, શ્રીમત લીધા વગર આવું કરશો તો શ્રીમતનું ઉલ્લંઘન ગણાશે. વળી શ્રીમતનું ઉલ્લંઘન પણ બોઝ છે ને!** જુઓ, દાદી જયારે વિમાનથી પ્રવાસ કરતા હતા ત્યારે દાદીને ઉલટી થતી હતી. ઉલટીના કારણે શરીરમાં કમજોરી આવતી હતી. દાદીને વધારાની સેવા લેવી પડતી હતી. દાદી સેવા આપવાને બદલે સેવા લે એ કેમ ચાલે? **આ સમાચાર બાબાને આપ્યા ત્યારે બાબાએ દાદીને શ્રીમત આપી કે લિમ્કાની બાટલી સાથે રાખશો. જરૂર પડે ત્યારે એક દવાના સ્વરૂપે લેશો. માટે દાદી કટોકટીના સમયે જ પ્યારા બાબાના શ્રીમત અનુસાર માત્ર લિમ્કા કે સોડા પીવે છે.** દાદીજીની આ વાત આજે પણ પ્રેરણા આપે છે, શક્તિ આપે છે. કુમાર જીવનમાં અનેક કટોકટીનો સમય આવ્યો. પણ એવા કટોકટીના સમયે પણ મમરા, ટામેટા, કોબીજ, મરચા, કોથમીરે પણ શરીરને અઠવાડિયા સુધી ચલાવ્યું છે.

આવી ઘણી બધી વાતો સભામાં થઈ. જે કુમારો, એ સભામાં ઉપસ્થિત હતા તેઓ ધન્ય થયા. કલ્પ-કલ્પ માટે અવિનાશી, અમીટ, કલ્યાણકારી દૃશ્યો આત્મામાં રેકોર્ડ થઈ ગયા. દરેકના દિલમાં એક જ અવાજ સંભળાતો હતો ... વાહ રે હું વાહ!.. વાહ રે મારો પાર્ટ વાહ!... વાહ રે મારું ભાગ્ય વાહ!... વાહ રે પ્યારા બાબા વાહ!.. વાહ રે પ્યારા દાદીજી વાહ! ॥**ઓમશાંતિ** ॥

---

(પેજ નં. 31નું અનુસંધાન)... શું મેકઅપ જરૂરી

હવે તમે મને કહો.

હું મારા ચહેરા પર મેકઅપ કેવી રીતે કરી શકું? હવે તમે મને કહો, ભૂખમરાથી મૃત્યુ પામેલા મારા ભાઈઓની યાદમાં હું કેવી રીતે પેટ ભરીને ખાઈ શકું ? ફાટેલા કપડાની કલ્પના પણ ન કરી હોય એવી મારી માતાની યાદમાં હું મોંઘા રેશમી વસ્ત્રો કેવી રીતે પહેરી શકું?

મેડમ કલેક્ટર રાની સોયામોઈ જતી વખતે બધાજ પ્રેક્ષકો અજાણતા ઉભા થઈ ગયા, મેડમના હોઠ પર એક નાનકડા સ્મિત સાથે, તેની આંખોના આંસુ લૂછ્યા વિના, તેનું માથું ઉંચુ રાખ્યું.

(ઝારખંડમાં હજુ પણ ઉચ્ચતમ ગુણવત્તા-વાળા અભ્રકનું ખાણકામ કરવામાં આવે છે. ત્યાં 20,000થી વધુ નાના બાળકો શાળાએ ગયા વિના કામ કરે છે. તેઓ સુકાઈને સુકલકડા થઈ જાય છે, કેટલાક ભૂસ્ખલનમાં અને કેટલાક રોગથી મૃત્યુ પણ પામે છે.)

આંખ ખોલનારી વાત તો એ છે કે ઘણા વર્ષો પછી તે મહિલા કલેક્ટર ભારતીય પ્રજાસત્તાકની પહેલી નાગરિક બની.......

**મહામહિમ દ્રૌપદી મુર્મુ, ભારતના રાષ્ટ્રપતિ**

(નોંધઃ ઘણા વર્ષોથી મહામહિમ દ્રૌપદીજી બ્રહ્માકુમારી વિદ્યાલયના વિદ્યાર્થીની છે. રાષ્ટ્રપતિ ભવનમાં પણ એમણે ધ્યાન / મેડીટેશન રૂમ બનાવ્યો છે અને દેશી કે વિદેશી મહેમાનોને શાકાહારી તથા કાંદા લસણ વગરનું જ ભોજન મળે એવી કાળજી રાખે છે) ॥**ઓમશાંતિ** ॥

## દિવ્યદર્શન

# શ્રીકૃષ્ણની દિવ્યતા

બ્ર.કુ. નંદિની, સુખશાંતિ ભવન, મણિનગર, અમદાવાદ.

શંકાને કોઈ જ સ્થાન નથી, આજે મોટાભાગના ભારતીયો જે શ્રીકૃષ્ણના ભાવિક ભક્ત છે તેમના મનમાં કૃષ્ણભક્તિના વિચારોની સાથે-સાથે, કૃષ્ણભાવ જાણે ભક્તોનાં રોમ-રોમમાં વસી ગયો છે. એટલા માટે જ તેમનો જન્મ ઉત્સવ કે જન્માષ્ટમી ભારતના દરેક ગામ તથા શહેરોમાં ખૂબ જ ઉમંગ-ઉત્સાહ સાથે ઉજવાય છે. નાના બાળકોથી માંડી વડીલો દરેકના શ્રીકૃષ્ણ અતિપ્રિય છે. તેનું મુખ્ય કારણ તેમની સતોગુણી કાયા, સૌમ્ય વ્યક્તિત્વ, પ્રસન્નતા અને શાંત-શીતલ સ્વભાવ દરેકને મોહિત કરી જાય છે. તેથી તેમના ભાવિક ભક્તો જન્મોત્સવથી લઇ કિશોરાવસ્થા અને તેમના સમગ્ર જીવનને દિવ્ય જીવન માની તેમનાં પ્રત્યેક કર્મના ગુણગાન કરે છે. તેમ છતાં લોકો ( ભક્તો ) આજે પણ શ્રીકૃષ્ણની મુખ્ય વિશેષતાઓને સાચા અર્થમાં સ્પષ્ટ રીતે ઓળખતા નથી.

આજે આપણને ખ્યાલ પણ નથી કે, શ્રીકૃષ્ણનું વ્યક્તિત્વ આટલું ઉચ્ચકોટિનું અને આકર્ષક શેના કારણે હતું? તેમની ગણના પૂજનીય દેવતાઓની શ્રેણીમાં કેમ થાય છે? આજે માનવ એટલું પણ જાણતો નથી કે શ્રીકૃષ્ણના ક્યાં શ્રેષ્ઠ પ્રયાસોને કારણે તેઓને વિશ્વના રાજકુમાર અને વિશ્વ મહારાજનું શ્રેષ્ઠ બિરુદ મેળવ્યું? તેથી જ્યાં સુધી આપણે આ રહસ્યોને સંપૂર્ણ રીતે નહીં સમજીએ ત્યાં સુધી આપણા માટે શ્રીકૃષ્ણના દર્શન પણ અધૂરા જ કહેવાશે. આદિકાળના દેવતા શ્રીકૃષ્ણ બાળપણથી જ મહાત્મા હતા. માટે તેમના બાળપણના ચિત્રોમાં પણ તેમના ચહેરાની આજુબાજુ આભામંડળથી સુશોભિત હોય છે. આ કારણે માતાઓ પણ શ્રીકૃષ્ણની કિશોરાવસ્થાને યાદ કરી, અને સાચા હૃદયથી ભગવાનને પ્રાર્થના કરે છે કે, જો અમને શ્રીકૃષ્ણ જેવું સંતાન થાય. તેમની અને અન્યો વચ્ચે એટલો ભેદ છે કે, તેમની કાયા સંપૂર્ણ સતોપ્રધાન તથા સંપૂર્ણ પવિત્ર સંસ્કારો સાથે યોગની દૈવીય શક્તિ સાથે જન્મ્યા હતા. જેની યાદગાર તેમના મસ્તક પર મુગટમાં લાગેલ મોરપંખ છે. જે પવિત્રતાનું પ્રતીક છે કે શ્રીકૃષ્ણ સંપૂર્ણપણે પવિત્ર અને પરમશુદ્ધ આત્મા હતા. આ રહસ્યો સમજી લઈએ તો શ્રીકૃષ્ણના મોરમુગટ આપણને જીવનના સત્યોથી માહિતગાર કરે છે. આ ઉપરાંત તેમનું તેજોમય આભામંડળ પણ નિર્ગુણતાનું સૂચક છે. 'શ્રી'નું બિરુદ પણ એજ સાબિત કરે છે કે શ્રીકૃષ્ણ સંપૂર્ણ પાવન હતા. આજે તો 'શ્રી' શબ્દનો ઉપયોગ 'શ્રીમાન' ( મિસ્ટર ) શબ્દની જગ્યાએ થાય છે. પરંતુ ખરેખર 'શ્રી' શબ્દનો ઉપયોગ ફક્ત દેવતાઓના નામની આગળ જ થઈ શકે કારણ કે તેમનું જીવન સંપૂર્ણ પવિત્ર હોય છે.

આપને જરા વિચારીએ કે જે સ્ત્રી-પુરુષો શ્રીકૃષ્ણની અખૂટ ભાવ સાથે ભક્તિ કરે છે તે પણ કામવાસનાના દુર્ગુણનો ત્યાગ કરીને બ્રહ્મચર્યનું વ્રત પાળે છે. તો પછી સ્વયં શ્રીકૃષ્ણનો જન્મ આવા વિકારોથી કેવી રીતે થાય? મીરાબાઈની શ્રીકૃષ્ણ પ્રત્યેની અનન્ય ભક્તિને લીધે તેમણે સમગ્ર જીવન બ્રહ્મચર્ય વ્રતનું પાલન કર્યું. તેના માટે તો ઝેરનો પ્યાલો પીવા તેઓ રાજીખુશીથી તૈયાર પણ થઇ

( અનુસંધાન પેજ નં. 29 પર )

# નવીનતાનો અનુભવ અને સ્વમૂલ્યાંકન

બ્ર.કુ. વિપિન, અટલાદરા, વડોદરા

ઈશ્વરીય શિક્ષણમાં આપણે મૂળ રૂપે ચાર વિષયોનું શિક્ષણ મેળવીએ છીએ. ઈશ્વરીય જ્ઞાન, સહજ રાજયોગ, દિવ્ય ધારણાઓ અને સ્વ તથા સર્વની ઈશ્વરીય સેવા. માનવ સ્વભાવ અને માનવની આવશ્યકતા છે. શ્રેષ્ઠ નવીનતાની. આપણે એક જ ચીજ રોજ ખાઈ શકતા નથી. વૈવિધ્ય સૌને સારું લાગે છે. ઈશ્વરીય વિદ્યાર્થીઓ માટે પણ એ અનિવાર્ય છે કે નિત્ય નવીન અનુભવોની સાથે ઈશ્વરીય જીવનને રસમય અને પ્રગતિશીલ બનાવે. આત્મા નવીનતા ઈચ્છે છે. પણ તે ન મળતાં મન સાધારણ અને ક્ષણિક રસોની પાછળ આકર્ષિત થાય છે. આ આધ્યાત્મિક જીવન માટે એક મોટી સમસ્યા બને છે. તેથી આપણે વિચાર કરીશું કે નવીનતા અને શ્રેષ્ઠતાની સમતુલા બનાવી રાખીએ જેથી ગમે તે રીતે આધ્યાત્મિક પ્રગતિ કરી શકીએ.

### નવીનતા દિનચર્યાની નહીં, મનચર્યાની

એક સામાન્ય પ્રશ્ન મોટાભાગના પુરુષાર્થીઓને લાગે છે કે આપણને મોટે ભાગે એકની એક જ વાતો સાંભળવા મળે છે. તે દિનચર્યા છે. એમાં નવીનતા કઈ રીતે લાવીએ? નવીનતા દિનચર્યામાં નહીં પણ મનચર્યામાં લાવવાની છે. એના માટે રોજ બિલકુલ નવી વાતો યા નવું જ્ઞાન સાંભળવાની એટલી આવશ્યકતા નથી હોતી. કારણ કે મૂળભૂત વાતો તો લગભગ સમાન હોય છે. વચ્ચે વચ્ચે કેટલીક નવી વાતો પણ આવતી હોય છે. પણ નવી વાતોનો અનુભવ એજ કરી શકે છે જેણે મૂળભૂત વાતોનો સારો અનુભવ કરવાનું શીખ્યું છે. આધ્યાત્મિક સુખનો અનુભવ, એનું સ્થાયીત્વ અને વિકાસ આપણી રચનાત્મકતા અને કલ્પનાશીલતા પર નિર્ભર કરે છે.

### નવ આધ્યાત્મિક અનુભવ અને સ્વ મૂલ્યાંકનની વિધિઓ

મનુષ્યનું સમગ્ર જીવન જ અનુભવની યાત્રા છે. પણ આધ્યાત્મિકતા એને શ્રેષ્ઠ મંઝિલ સુધી લઈ જાય છે. સફળ યાત્રી પુરુષાર્થનાં 6 ચરણ પાર કરીને શિખર સુધી પહોંચે છે, જે આ પ્રકારે છે.

### પહેલું ચરણ

પહેલું ચરણ છે **જ્ઞાન પ્રાપ્તિ.** અર્થાત્ કંઈક સારું સાંભળીને તથા જાણીને પોતાના જીવનની દિશા નક્કી કરવી. એના માટે એ જરૂરી છે કે વ્યક્તિ સાંભળવા તથા જાણવા માટે ઉત્સુક હોય, કંઈક કરવા માટે ઈચ્છુક હોય. આ દુનિયામાં અસંખ્ય લોકો ખાઓ, પીઓ અને મોજ કરો. જે થશે તે જોયું જશે. આ ધારણાની સાથે, બીજાઓના સહારે અને નસીબના સહારે જીવે છે. તો દરેક વ્યક્તિ સ્વયંનું મૂલ્યાંકન કરે કે તે જ્ઞાન પ્રાપ્તિ દ્વારા કંઈક સારું કરવા ઈચ્છે છે યા એની કોઈ દિશા જ નથી.

### બીજું ચરણ

બીજું ચરણ છે **સમજવું.** જો માત્ર સાંભળીને યા વાતોમાં ચર્ચા કરીને જ્ઞાનને છોડી દેવામાં આવે તો તે માત્ર વાણી રસ, કર્ણરસ યા વાણી વિલાસ જ છે. એનો મતલબ છે, જ્ઞાનનું મન અને બુદ્ધિ સાથે તાદાત્મય સાધવું. મન અને બુદ્ધિ આ શિક્ષણનો ભાવ અને મહત્ત્વનો અનુભવ કરે અને સ્વયંમાં સમાહિત કરે. ત્યારે જ્ઞાન એક જાગૃતિના રૂપે સ્મૃતિમાં સમાહિત થઈ શકે છે. અને જરૂર હોય ત્યારે યાદ આવે છે.

## ત્રીજુ ચરણ

ત્રીજુ ચરણ છે **અભ્યાસ અને મહેનત.** સાંભળેલું ભલે યાદ આવે પણ કર્મમાં વિધિવત્ત રૂપ થી તે અભ્યાસ દ્વારા જ ઉતરે છે. દા.ત. કોઈ વ્યક્તિએ કોમ્પ્યુટર ઓપરેટીંગ વિધિનો થિયરી રૂપે ગમે તેટલો અભ્યાસ કર્યો હોય પણ જો તેણે કોમ્પ્યુટર ચલાવવાનો અભ્યાસ નહીં કર્યો હશે તો તે કોમ્પ્યુટર ચલાવી શકશે નહીં. આ નિયમ કોઈપણ ક્ષેત્રમાં લાગુ પડે છે.

## ચોથું ચરણ

ચોથું ચરણ છે **કરવું.** નિપુણ વ્યક્તિ પણ પરિણામ ત્યારે જ પ્રાપ્ત કરી શકે છે જ્યારે તે શીખેલી વિદ્યાને કામમાં લગાવે. એ લોકોએ જે કાર્ય શીખ્યું છે તે પ્રામાણિકતાથી નથી કરતા. આળસ, બેદરકારી અને બહાનાબાજીને કારણે, ક્યારેક ઈર્ષ્યા-દ્વેષને કારણે, ક્યારેક સ્વાર્થ યા અહંકારને કારણે પોતાની જવાબદારી નિભાવતા નથી. અવગુણોના આ અવરોધોને પાર કરીને કાર્ય પ્રત્યે નિષ્ઠા અને વફાદારી ધારણ કરવી. અનિવાર્ય બને છે.

## પાંચમું ચરણ

પાંચમું ચરણ છે જે તે **કાર્ય યથાર્થ સમય પર, સાચી વિધિથી કરવું** આપણે જે કંઈ શીખ્યું છે એને નિષ્ઠાપૂર્વક કરવું એને જ ઈમાનદારી કહેવાય છે. જેનાથી પરિણામ જરૂર મળે છે. પણ પરિણામ અને સફળતામાં અંતર હોય છે. સફળતા માટે એ જરૂરી છે કે કાર્ય યોગ્ય સમયે અને સાચી વિધિથી કરવામાં આવે. એને પરિપક્વતા કહેવાય છે.

## છઠ્ઠુ ચરણ

છઠ્ઠુ અને સૌથી મહત્ત્વપૂર્ણ ચરણ છે **સફળતાનું સિદ્ધિમાં રૂપાંતર કરવું.** સફળતા અર્થાત્ કોઈ કાર્યને સારી રીતે પૂર્ણ કરીને એનો લાભ લેવો પણ સિદ્ધિનો અર્થ છે સંતુષ્ટતા અને ખુશીની પ્રાપ્તિ. સફળતા ક્ષણિક હોઈ શકે છે પણ સિદ્ધિ દીર્ઘકાલીન હોય છે. જે સફળતા ખુશી બનીને દિલમાં સમાવાના બદલે અભિમાન બનીને દિમાગ પર સવાર થાય છે તે તેને અસભ્ય બનાવી દે છે. આપણે સૌની સાથે સફળતા હોય જે રિદ્ધિ સિદ્ધિ અને શુભ-લાભ કરનારી હોય.

## સ્વરૂપનું દર્શન અને મૂલ્યાંકન

આ 6 ચરણઆપણી ઉન્નતિનો પાયો છે તો આપણા માટે એક દર્પણ પણ છે. જેમાં આપણે સ્વ સ્વરૂપનું દર્શન અને મૂલ્યાંકન કરવાનું હોય છે રોજ એ જોઈએ કે આપણે જે જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ એના માટે આપણે નિયમિત અને અનુશાસિત છીએ? વળી એ જોવાનું છે કે જ્ઞાનનો સ્વઉન્નતિ અને પોતાની જવાબદારીઓ નિભાવવામાં સહજ રીતે ઉપયોગ કરી શકીએ છીએ. આપણી અસલી નવીનતા અંતર્જગતમાં દેખાય છે. આ પરિવર્તન બાદ આપણે ધીરે ધીરે પોતાની મહેનતનો રંગ આવતો જોઈ શકીશું.

## અંતિમ પુરુષાર્થ

આપણે જે અંતિમ પુરુષાર્થ આપણા સંસ્કારો પર કરવાનો છે. તે છે કર્મની સાથે સાથે બાબાની યાદ અને મોટાઓનું માર્ગદર્શન બહુ જરૂરી છે. આ બન્ને વાતો નિર્ણય લેવામાં અને સાહસી બનાવવાની શક્તિ આપે છે. સફળતાનો માર્ગ કપરો ત્યારે લાગે છે જ્યારે આપણે ટૂંકો રસ્તો શોધીએ છીએ. આપણે આંતરિક નિર્માણને મહત્ત્વ આપવાનું છે. તે પોતાના ગુણો, મનોબળ, અનુભવો અને સર્વની શુભકામનાઓના સ્તર પર પહોંચે છે જ્યાં ભગવાન અને કુદરત પણ સાથ આપે છે.

॥ ઓમશાંતિ ॥

# બુદ્ધિ એટલે.... બુદ્ધિ શું ?

બ્ર.કુ. અમૃતલાલ મહેશ્વરી

કુદરતની રચના ખરેખર અદભુત છે. એમાં કુદરતે જે આપણને શરીર આપ્યું. એ તો એના કરતા પણ વધુ અદભુત. બહારી શરીર કેટલું બધું આકર્ષિત. માણસ એ તરફ આખે આખો તણાઈ જાય છે. સન્યાસી પણ આખરે માણસ જ છે. અંદરનું શરીર તો એનાથી પણ અદભુત! સદીઓથી વૈજ્ઞાનિકો એના વિશે સંશોધન કરી રહ્યા છે. હજુ ચાલુ છે અને ભવિષ્યમાં પણ સદીઓ સુધી ચાલુ રહેશે એમાં શંકાને સ્થાન નથી. એટલે આ પણ વસ્તુ એટલીને એટલી અદભુત. જેટલો શરીરને આંતરિક રીતે લોકો સમજે છે એનાથી વધુ બ્રાહ્ય રીતે પણ એને સમજવાની કોશિશ કરે છે. એટલા માટે જ મોટા મોટા મહેલો, આધુનિક સુખ સુવિધાઓ, આટલા બધો સમય અને ખર્ચા, શરીર પાછળ ખર્ચાતા આવ્યા છે.

વળી, બીજી નવી અદભુત ચમત્કારિક વસ્તુ એટલે કે મન એક એવું તંત્ર છે કે જેને સમજવું અને પકડવું બહુ જ બહુ જ કઠિન છે. એમાં પણ સ્ત્રીનાં મનને સમજવું એટલે અદભુત, અદભુત! લોઢાના ચણાને ચાવવા જેવું જોખમી કાર્ય. એના માટે પણ જાત-જાતના, નાત-નાતના, ભાત-ભાતના સંશોધનો થતા રહ્યા છે. થાય છે. છતાં પણ કોઈ એને સિદ્ધ કરી શક્યો નથી. એટલે કુદરતની આ બીજી અદભુત બક્ષિસ.

એવી જ રીતે ત્રીજું પાસું, ચમત્કારીક પાસું, અદભુત આપણે ક્યારે કલ્પના ન કરી શકાય એવું પાસું એ છે બુદ્ધિ. બહુ જ ગહન, ઊંડાણપૂર્વકનું, ગંભીરતાપૂર્વકનું અભ્યાસ માંગી લે એવું આ વિષય છે. જેના ઉપર પણ સતત ને સતત, નિરંતર અભ્યાસો સદીઓથી થતા રહ્યા છે. માણસ આ ત્રણ વસ્તુથી બનેલો છે. એટલે કે શરીર, મન અને બુદ્ધિ. આ ત્રણેય તત્વો એક સાથે કાર્ય કરતા હોય છે, પરંતુ ત્રણેને સમજવા માટે તેમને અલગ અલગ રીતે સમજવું પડે છે. શરીર વિશે ઘણું બધું સમજી શકાય છે. કારણ કે તે બાહ્ય રીતે દેખાઈ શકે છે. જ્યારે મન, એને આપણે જોઈ શકતા નથી એટલે એના વિશે કોઈ તાત્કાલિક નિર્ણય ઉપર પહોંચી શકીએ નહીં અને નિશ્ચિત એના ઉપર કોઈ વ્યાખ્યા બાંધી શકીએ નહીં. એવી જ રીતે ત્રીજું ગુપ્ત પરિબળ જેને આપણે બુદ્ધિ કહીએ છીએ. કહેવાય છે કે વારંવાર એક વસ્તુ જોવાથી, સમજવાથી કે અભ્યાસ કરવાથી એ પ્રકારની બુદ્ધિ કાર્ય કરે છે અથવા તો ટેવાઈ જાય છે ઘણી વખત આપણે કહેતા હોઈએ છીએ કે આમાં તો બુદ્ધિનો છાંટો નથી. તો શું બુદ્ધિ એ પ્રવાહી યુક્ત પદાર્થ છે? ઘણા એવું પણ કહે છે કે 'સાઠે બુદ્ધિ નાઠે' ને ઉંમર સાથે સંબંધ છે. તો ૬૦ ની ઉંમરે શું બુદ્ધિ બંધ થઈ જતી હશે? તો ઘણી વખત એવું પણ કહેવાય છે કે મંદબુદ્ધિ તો મંદબુદ્ધિ એટલે કે ક્યાંક તો એવું તરાજુ છે જે બુદ્ધિને આપે છે. આજે વૈજ્ઞાનિકોએ બુદ્ધિને માપવાના સાધનો વિકસાવ્યા છે. એ કેટલા અંશે સાચા અને સાર્થક છે એના માટે કોઈ ઓથેન્ટિક (અધિકૃત) નિયમો નથી. માટે બુદ્ધિ ક્યાંથી આવતી હશે અને ક્યાં જતી હશે? કોણ એના ઉપર તરાપ મારી બેઠો હશે? એ પણ તેને હાઈજેક એટલે કે અપહરણ કરતો હશે કે કોઈ બુદ્ધિ નામનો તત્વ શરીર માંથી કેવી રીતે ખેંચી લેતો હશે? આ બધી વિચારવા લાયક વસ્તુઓ છે. અત્યાર સુધી જે પણ લખાણ લખાયું કે વંચાયું,

અનુભવાયું, કે સંભળાયું... એ બધી જ પ્રક્રિયામાં બુદ્ધિનો ભાગ સૌથી વધુ પ્રબળ છે. પણ હજુ સુધી એમ સમજાય છે કે ગઈકાલની બુદ્ધિ યુક્ત વાતો, સાધનો કે કોઈપણ પ્રયુક્તિઓ, આજના સમયે બુદ્ધિ યોગ્ય લાગતી નથી. તો આજની વાતો ભવિષ્યમાં પણ નહીં હોય તો, હવે પ્રશ્ન એ છે કે બુદ્ધિને કેવી રીતે સમજવું?

બુદ્ધિ એક યોગ છે. એક જોડાણ છે કે જેમાં વિચારો કે સંકલ્પો આવે છે. તો આવે છે ક્યાંથી? એના જન્મદાતા તો..! બુદ્ધિના જન્મદાતા કોણ? આપણે જે લોકોને મહાન અને ભગવાન તુલ્ય માન્યા છે એ બધાને બુદ્ધિ આપનાર કોણ? પણ એમનું બુધ્ધિ યોગ કોની સાથે? જવાબ છે એના રચયિતા સાથે. તો બુદ્ધિ એટલે સતત અને નિરંતર આપણા રચયિતા સાથે યોગમય રહે એ સાચી બુદ્ધિ. બાકી બુદ્ધિનો ઉપયોગ એટલે કે ૯૦ % સુધી એ બિન ઉપયોગી કાર્ય છે એ સમજવું?

એક વસ્તુ નિશ્ચિત છે કે આપણી પાસે બધી જ વસ્તુઓ છે અને બીજી ઘણી બધી વસ્તુઓ પણ નિશ્ચિત છે કે એના માટે બુદ્ધિ આપનાર પણ કોઈ કુદરતી તત્વ છે. તો આપણે એ નિશ્ચિત કરવાનું છે કે આપણી પાસે જે પણ બુદ્ધિ છે એ બુદ્ધિ પરમાત્માને, ઈશ્વરીય શક્તિને, એનામાં ઓતપ્રોત થવી જોઈએ. તો આપણે ખબર પડશે કે આપણે શા માટે, કેવી રીતે અને કયા ઉદ્દેશો સાથે આ બુદ્ધિ મળી છે. પરમાત્મા, પરમશક્તિ એટલે કે જ્યાં શક્તિ અસીમ છે. એમાં જ ડૂબી જશું તો જ બુદ્ધિ શક્તિશાળી થશે કારણ કે એ જે અલૌકિક શક્તિ છે,. જેનાથી સૃષ્ટિનું સંચાર થાય છે. તેમાં જો બુદ્ધિ યોગ લાગે તો જ આ બુદ્ધિ એ ઉચ્ચ બુદ્ધિ કહેવાય. કારણ કે ત્યાં બુદ્ધિ યોગ લગાવવાથી શુદ્ધ, સ્વચ્છ અને વિકારમુક્ત એક એવો વિસ્તાર છે કે જ્યાં માત્ર ને માત્ર સુખ છે, આનંદ છે, શાંતિ છે અને કેવળ ને કેવળ પ્રેમ છે. જે દુનિયાની સૌથી મોટી તાકાત છે. તો એ બુદ્ધિ જો પ્રેમથી તરબોળ થાય તો જ બુદ્ધિની સાર્થકતા ગણાય. તો જ તેને ઉચ્ચ પ્રકારની બુદ્ધિ ગણાય. કારણ કે તેનો યોગ કરો એટલે શક્તિ સાથે જોડાઈ જાય. એટલા માટે બુદ્ધિ નું કાર્ય છે એ પરમશક્તિ સાથે જોઈન્ટ થવાનું. એના માટે સૌથી પહેલું પગથિયું છે નિશ્ચય. જો નિશ્ચય હશે તો જ આપણે ધાર્યા સંકલ્પ સુધી પહોંચી શકીશું. તો એક વસ્તુ નિશ્ચિત છે કે એ સર્વ શક્તિમાન કે જેણે આ બધી વસ્તુઓ બનાવી છે. એ જ બુદ્ધિ અને શુદ્ધિ તરફ લઇ જાય છે. આવું જો દ્રઢ નિશ્ચય મનમાં હોય તો જ બુદ્ધિનું યોગ્ય કાર્ય થાય. એ માટે સૌથી પહેલું કાર્ય છે કુદરતી કે ઈશ્વરીય શક્તિમાં પૂરેપૂરો વિશ્વાસ એટલે કે નિશ્ચય તો જ આપણી બુદ્ધિમાં નિશ્ચયાત્મક શક્તિ વધશે, ખીલશે અને અકલ્પનીય એવા કાર્યો આપણે આ સંસારમાં રહીને કરી શકીએ અને તેની આખા સંસારમાં સૌરભ ફેલાવી અને વિશ્વમાં આજે જે શાંતિની જરૂર છે, સુખની જરૂર છે એ આપણા બુદ્ધિયોગથી વિશ્વમાં ફેલાવી શકીએ. આજ સાચી બુદ્ધિનો, સાચો અને શુદ્ધ કર્તવ્ય છે. અસ્તુ

॥ ઓમશાંતિ ॥

---

## (પેજ નં. 25નું અનુસંધાન)... દિવ્યદર્શન

ગયા. જ્યારે શ્રીકૃષ્ણની ભક્તિ માટે, તેમની સાથે ક્ષણિક મેળાપ કરવા માટે, તેમની સાથે થોડીવાર માટે પણ રાસ કરવા માટે, વાસનાના અવગુણનો સંપૂર્ણ ત્યાગ કરવો જરૂરી છે. આથી ફલિત થાય છે કે, શ્રીકૃષ્ણનું જીવન સંપૂર્ણ પાવન હતું. તેથી જ પ્રચલિત છે કે - “જ્યાં શ્યામ છે ત્યાં કામ નથી, અને જ્યાં કામ છે ત્યાં શ્યામ નથી.”

॥ ઓમશાંતિ ॥

# શું બાહ્ય મેકઅપ જરૂરી છે ?

## બ્ર.કુ. અનંત, નડિયાદ

સોશિયલ મીડિયા પર એક સરસ વાત વાંચવા મળી.. બધાને જાણ થાય એ લક્ષમાં રાખી, અહીં રજૂ કરું છું... રહસ્ય અંતમાં છે

મલપ્પુરમ્ જિલ્લા કલેક્ટર શ્રીમતી રાની સોયામોઈ કોલેજના વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ કરે છે. તેણીએ કાંડા ઘડિયાળ સિવાય કોઈ દાગીના પહેર્યા ન હતા. સૌથી વધુ તો વિદ્યાર્થીઓ માટે એ આશ્ચર્યની વાત એ હતી કે મેડમ કલેક્ટરે 'ફેસ પાઉડર'નો પણ ઉપયોગ કર્યો ન હતો. કલેક્ટરે ભાષણ અંગ્રેજીમાં કરેલું તેણીએ માત્ર એક કે બે મિનિટ વાત કરી, પરંતુ તેના શબ્દો નિશ્ચયથી ભરેલા હતા. ત્યારબાદ બાળકોએ મેડમ કલેક્ટરને કેટલાક પ્રશ્નો પૂછ્યા.

પ્રશ્ન: તમારું નામ શું છે?

મારું નામ રાની છે, સોયામોઈ મારું કુટુંબનું નામ છે. હું ઝારખંડની વતની છું.

બીજું કંઈ પૂછવું છે?

પ્રેક્ષકોમાંથી એક પાતળી છોકરી ઊભી થઈ.

પૂછો... બાળક.

'મેડમ, તમે કોઈ મેકઅપ કેમ નથી કરતા?'

મેડમ કલેક્ટરનો ચહેરો અચાનક નિસ્તેજ થઈ ગયો. તેના પાતળા કપાળ પર પરસેવો છૂટી ગયો. તેના ચહેરા પરનું સ્મિત ફિક્કું પડી ગયું. પ્રેક્ષકો અચાનક શાંત થઈ ગયા. મેડમ કલેક્ટરે ટેબલ પરની પાણીની બોટલ ખોલી, થોડું પીધું. પછી તેણીએ ધીમે ધીમે, વિદ્યાર્થીને બેસવા માટે ઈશારો કર્યો, ધીમે ધીમે બોલવાનું શરૂ કર્યું.

તમે મને એક ચિંતાજનક પ્રશ્ન પૂછ્યો છે. તે એવી વસ્તુ છે જેનો જવાબ ક્યારેય એક શબ્દમાં આપી શકાતો નથી. જવાબમાં મારે તમને મારી જીવનકથા કહેવાની છે. જો તમે મારી વાર્તા માટે તમારી કિંમતી દસ મિનિટ અલગ રાખવા તૈયાર હોવ તો મને જણાવો.

વિદ્યાર્થીઓ બોલ્યા તૈયાર...

મારો જન્મ ઝારખંડના કોડરમા જિલ્લાના આદિવાસી વિસ્તારમાં એક નાનકડી ઝૂંપડીમાં થયો હતો. જે 'મીકા'(MICA) ખાણોથી ભરેલી છે. કલેક્ટરે થોભી પ્રેક્ષકો તરફ જોયું.

મારા પિતા અને માતા ખાણિયા હતા. મારા બે મોટા ભાઈઓ અને એક નાની બહેન હતી. અમે એક નાનકડી ઝૂંપડીમાં રહેતા હતા, જે વરસાદ પડતાં લીક થઈ જતી હતી. મારા માતા-પિતા નજીવા વેતન પર ખાણોમાં કામ કરતા હતા, કારણ કે તેઓને બીજી નોકરી મળી ન હતી. તે ખૂબ જ અવ્યવસ્થિત કામ હતું.

જ્યારે હું ચાર વર્ષની હતી ત્યારે મારા પિતા, માતા અને બે ભાઈઓ વિવિધ બીમારીઓથી પથારીવશ હતા. તે સમયે બહુ ઓછા જાણતા હતા કે ખાણોમાં મીકા ધૂળ શ્વાસમાં લેવાથી જીવલેણ રોગ થાય છે.

હું પાંચ વર્ષની હતી ત્યારે મારા ભાઈઓ બીમારીથી મૃત્યુ પામ્યા. એક નાનકડો નિસાસો લઈને મેડમ કલેક્ટરે બોલવાનું બંધ કર્યું, રૂમાલ વડે તેની આંખો લૂછી.

મોટા ભાગના દિવસોમાં અમારા આહારમાં સાદુ પાણી અને એક કે બે રોટલીનો સમાવેશ થતો હતો. મારા બંને ભાઈઓ ગંભીર માંદગી અને ભૂખમરાથી આ દુનિયા છોડી ગયા. મારા ગામમાં

ડોક્ટરને ભૂલી જાઓ ત્યાં શાળા નહોતી. શું તમે એવા ગામની કલ્પના કરી શકો છો જેમાં શાળા, હોસ્પિટલ, શૌચાલય નથી, વીજળી વિના?

એક દિવસ મારા પિતાએ મારો હાથ પકડીને મને ટીનની ચાદરથી ઢંકાયેલી એક મોટી ખાણમાં લઈ ગયા. તે એક અભ્રક (MICA) ની ખાણ હતી જે સમય જતાં કુખ્યાત થઈ હતી. તે એક પ્રાચીન ખાણ હતી જે ખોદવામાં આવી હતી, જે દેખીતી રીતે અંડરવર્લ્ડમાં અવિરત પણે વિસ્તરે છે. મારું કામ તળિયે આવેલી નાની ગુફાઓમાંથી પસાર થવું, અભ્રક અયસ્ક (MICA) એકત્રિત કરવાનું હતું. તે માત્ર દસ વર્ષથી ઓછી ઉંમરના બાળકો માટે જ શક્ય હતું.

મેં મારા જીવનમાં પહેલીવાર પેટ ભરીને રોટલો ખાધો. પણ તે દિવસે મને ઉલ્ટી થઈ. જ્યારે હું ફર્સ્ટ ક્લાસ નિશાળમાં હોવી જોઈએ, ત્યારે હું અંધારાવાળી રૂમમાં અભ્રક એકત્રિત કરી રહી હતી, જ્યાં હું 'ઝેરી ધૂળ' શ્વાસ લઈ રહી હતી. મારા માટે તે અસહ્ય હતું. કમનસીબ બાળકો માટે પ્રસંગોપાત 'ભૂસ્ખલન'માં મૃત્યુ થવું એ સામાન્ય બાબત હતી. ક્યારેક ક્યારેક કેટલાક 'જીવલેણ રોગો' થતા. દિવસમાં આઠ કલાક કામ કર્યા પછી, ઓછામાં ઓછા એક સમયના ભોજન માટે પૂરતી કમાણી કરી શકતા હતા. ભૂખ અને ઝેરી વાયુઓના શ્વાસને કારણે હું પાતળી અને નિર્જલીકૃત બની ગઈ હતી.

એક વર્ષ પછી મારી બહેન પણ ખાણમાં કામ કરવા જવા લાગી. મારા પિતા, માતા, બહેન અને હું, અમે સાથે કામ કરતા હતા. અમે ભૂખ્યા પણ જીવી શકતા હતા.

પરંતુ નિયતિએ અમને બીજા સ્વરૂપમાં ત્રાસ આપવાનું શરૂ કર્યું. એક દિવસ જ્યારે હું ખૂબ તાવને કારણે કામ પર ગઈ ન હતી ત્યારે અચાનક અતિશય વરસાદ પડ્યો. ખાણમાં પાણી ભરાવાથી તેમાં કામ કરતા સેંકડો માણસો મૃત્યુ પામ્યા હતા. ખાણના પાયા પર કામ કરતા કામદારો પર ખાણ તૂટી પડતાં સેંકડો લોકોના મોત થયા હતા. તેમાં મારા પિતા, માતા અને બહેન હતા. આટલુ બોલતા મેડમ કલેક્ટરની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યા. પ્રેક્ષકોમાં દરેક વ્યક્તિ શ્વાસ લેવાનું પણ ભૂલ્યા. ઘણાની આંખો આંસુઓથી ભરાઈ ગઈ.

એ સમયે હું માત્ર છ વર્ષની હતી. આખરે હું સરકારી અગતિ મંદિરે પહોંચી, ત્યાં મે અભ્યાસ કર્યો. હું મારા ગામમાંથી મારો પ્રથમ મૂળાક્ષર શીખી હતી. આખરે અહીં કલેક્ટર બની તમારી સામે છુ. તમે વિચારતા હશો કે હું મેકઅપનો ઉપયોગ નથી કરતી તેની વચ્ચે શું કનેક્શન છે. કલેક્ટરે બોલવાનું ચાલુ રાખ્યું, અને પ્રેક્ષકો તરફ નજર નાખી. મારા શિક્ષણ દરમિયાન જ મને સમજાયું કે તે દિવસોમાં ખાણના અંધકારમાંથી પસાર થતી વખતે મેં જે અભ્રક (MICA) એકત્રિત કર્યું હતું તેનો ઉપયોગ મેકઅપના ઉત્પાદનોમાં કરવામાં આવતો હતો.

(MICA) અભ્રક એ પ્રથમ પ્રકારનું મોતીનું સિલિકેટ ખનિજ છે. ઘણી મોટી કોસ્મેટિક કંપનીઓ દ્વારા ડોલરમાં મોટી મોટી ઓફર કરવામાં આવતી કારણ કે આ મિનરલનો ઉપયોગ મેક-અપમાંના સાધનો બનાવવામાં થાય છે, તમારી ત્વચા માટેનો સૌથી તેજસ્વી રંગ તે બહુ રંગીન અભ્રકનો છે, જે બાળકોના જીવનને જોખમમાં મૂકે છે.

આ ખનિજની રજ, માંસ અને લોહી સાથે ફેલાય છે. લાખો ડોલરની કિંમતના અભ્રકનો ઉપયોગ હજુ પણ થાય છે, ખાણોમાંથી હજુ પણ બાળકના હાથથી ખનીજ ઉપાડવામાં આવે છે. આપણી સુંદરતા વધારવા માટે.

**(અનુસંધાન પેજ નં. 24 પર)**

# પરમધામના ૧૦૮ નામ

બ્ર.કુ.જૂનાગઢ

૧. અખંડ દુનિયા
૨. અદ્વેત ઘર
૩. જગ કે નાથ કા ઘર
૪. યોગેશ્વર ધામ
૫. જ્ઞાન સૂર્ય કી દુનિયા
૬. પાપકટેશ્વર કી દુનિયા
૭. મહાકાલ ધામ
૮. રુદ્રનાથ ધામ
૯. અક્ષર ધામ
૧૦. નટરાજ ધામ
૧૧. ભોલેનાથ કી દુનિયા
૧૨. વિશ્વનાથ ધામ
૧૩. શિવ ધામ
૧૪. સ્વયંભૂ ધામ
૧૫. અમરનાથ ધામ
૧૬. લાલ દુનિયા
૧૭. જોગી ધામ
૧૮. યોગી ધામ
૧૯. સોમનાથ ધામ
૨૦. અભય દુનિયા
૨૧. મુક્તેશ્વર ધામ
૨૨. મહાદેવ ધામ
૨૩. દીલારામ કી દુનિયા
૨૪. આત્મરામ કી દુનિયા
૨૫. પવિત્ર દુનિયા
૨૬. નિરાકારી દુનિયા
૨૭. નિર્વાણ ધામ
૨૮. બ્રહ્મલોક
૨૯. પર લોક
૩૦. મુક્તિધામ
૩૧. શાંતિધામ
૩૨. સ્વદેશ
૩૩. સીતારો કી દુનિયા
૩૪. મૂલ વતન
૩૫. શિવ પૂરી
૩૬. અક્ષોભ દુનિયા (અનાદિ)
૩૭. સ્વીટ હોમ
૩૮. દૂંરદેશ
૩૯. શિવાલય
૪૦. પવિત્ર દુનિયા
૪૧. આત્માઓ કી દુનિયા
૪૨. સત્વ દુનિયા (અસ્તિત્વ)
૪૩. અકાલમૂર્ત દુનિયા
૪૪. અચ્યુત ધામ (અટલ)
૪૫. આદિત્ય ધામ (સૂર્ય)
૪૬. સર્વેશ્વર ધામ
૪૭. મુકુન્દાલય (મુક્તિ)
૪૮. દિવ્ય લોક
૪૯. સુબ્રમ્હણ્ય ધામ (પરમેશ્વર)
૫૦. વાનપ્રસ્થ ધામ
૫૧. અમર લોક
૫૨. નિર્સંકલ્પ દુનિયા
૫૩. લાઈટ કી દુનિયા
૫૪. ટાવર ઓફ સાઈલંસ
૫૫. ટાવર ઓફ પીસ
૫૬. અસલી ઘર
૫૭. મણીયો કા આગાર
૫૮. ચમકીલી દુનિયા
૫૯. સુન્ન દુનિયા
૬૦. જ્યોતિ મહતત્વ
૬૧. લાઈટ હાઉસ
૬૨. બેહદ કા ઘર
૬૩. અનાદી દુનિયા
૬૪. હાયેસ્ટ હોમ
૬૫. પ્રકાશ કી દુનિયા
૬૬. આવાઝ સે પરે કી દુનિયા
૬૭. પર દેશ
૬૮. રેસ્ટ હાઉસ
૬૯. નિર્લેપ દુનિયા
૭૦. અચલ ઘર
૭૧. નિર્વિકારી દુનિયા
૭૨. નિરાધાર દુનિયા
૭૩. સ્વતંત્ર દુનિયા
૭૪. નિશબ્દ દુનિયા
૭૫. ડેડ સાયલન્સ વર્લ્ડ
૭૬. નિરંકારી દુનિયા
૭૭. ઊચે તે ઊચ દુનિયા
૭૮. અઘોરી ધામ
૭૯. મહેશ્વર ધામ
૮૦. સર્વોચ દુનિયા
૮૧. પરમેનન્ટ દુનિયા
૮૨. મૃત્યુંન્જય ધામ
૮૩. અડોલ ધામ
૮૪. પરીમેય દુનિયા(સૂક્ષ્મ)
૮૫. રુદ્રનાથ ધામ
૮૬. અનંત ધામ

૮૭. શાશ્વત ધામ
૮૮. શુદ્ધ દુનિયા
૮૯. અસીમ દુનિયા
૯૦. અવ્યય દુનિયા ( વિષય મુક્ત )
૯૧. અવ્યક્ત લોક
૯૨. અવ્યગ્ર દુનિયા( સ્થિર )
૯૩. તારક ધામ ( મુક્તિ )
૯૪. શિપિવિષ્ટ ધામ ( પ્રકાશનાં કિરણો )
૯૫. લાલટાક્ષ ધામ ( તીસરી આંખ )
૯૬. વિશ્વેશ્વર ધામ
૯૭. અજય દુનિયા
૯૮. અનઘ દુનિયા ( પવિત્ર )
૯૯. ભર્ગધામ ( પાપ મુક્ત )
૧૦૦. દિગંબર દુનિયા
૧૦૧. પરમેશ્વર ધામ
૧૦૨. ત્રિલોકીનાથ કી દુનિયા
૧૦૩. વૈદ્યનાથ ધામ
૧૦૪. ઓમકારેશ્વર ધામ
૧૦૫. રામેશ્વર ધામ
૧૦૬. અકર્મણ્ય દુનિયા
૧૦૭. રુહાની દુનિયા
૧૦૮. નિસ્તબ્ધ દુનિયા

**॥ ઓમશાંતિ ॥**

# બ્રાહ્મણ બન્યા પછી

**બ્ર.કુ.જૂનાગઢ**

### બ્રાહ્મણ બન્યા પછીના-મહા મહા પાપ

૧. બીજાને દેહરૂપી સાપને વિકારી દ્રષ્ટિથી જોવા.

૨. અમૃતવેલા ન ઉઠવું, આળસ-અલબેલા સાથે દિવસ પસાર કરવો.

૩. શ્રીમત પ્રમાણ ન ચાલવું. શ્રીમતનું ઉલ્લંઘન કરવું.

૪. મનમાં બીજા પ્રત્યે રાગ , દ્વેષ , ઈર્ષા રાખવી.

૫. વીતી ગયેલી વાતોનું ચિંતન કરવું , વર્ણન કરવું.

૬. મનસા , વાચા , કર્મણા કોઈને દુખ દેવું , કે લેવું.

૭. સમર્પિત આત્માની કમી-કમજોરી જોવી કે વર્ણન કરવી કે ઝગડા કરવા.

### બ્રાહ્મણ બન્યા પછીની- ડીસસર્વિસ

૧. સમય સર સેન્ટર પર જ્ઞાન ન સંભાળવું, ધારણ ન કરવું, સ્વરૂપ ન બનવું.

૨. બાબાને ભોગ ન લગાવવો, બહારનું ખાવું-પીવું, વ્યર્થ મનોરંજન કરવા.

૩. યુનિફોર્મ ન પહેરવો અને બેઝ ન લગાવવો . સ્વછતા ન હોવી.

૪. મુરલીમાં આમ-તેમ બીજા દેહધારીને જોવા, વચ્ચે-વચ્ચે બોલવું , બીજા વિચારો કરવા.

૫. સેન્ટર પર લૌકિક વાતો કરવી , પરચિંતન કરવું.

૬. ઘરને સેવા સ્થાન ન બનાવવું , સેવા ન કરવી.

૭. આપણા જીવનમાંથી કોઈ બહારની આત્માને અવગુણનાં દર્શન થાય તે બાબાની ડીસસર્વિસ છે.

**॥ ઓમશાંતિ ॥**

Published and Printed by BK Bhartiben R. Somiya for Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Ahmedabad. Printed at Shreedhar Printers Pvt. Ltd., J & K Block No. 4, Ravi Estate, Dudheshwar Road, Ahmedabad - 380 004. Published from Prajapita Brahmakumaries Ishwariya Vishwa Vidyalaya, Sukh Shanti Bhavan, Bhulabhai Park Road, Kankaria, Ahmedabad - 380 022, Gujarat State, India. Edited by Prof. Dr. Kalidas Dhulabhai Prajapati

# સંગમયુગની શબ્દાવલી

દૈવી ભાઈઓ અને બહેનો,

સંગમયુગની શબ્દાવલીના વિભાગમાં ઓગષ્ટ – ૨૦૨૪ માસની શબ્દાવલી ભાગ – ૪૪ના જવાબો આ સાથે છે. જ્ઞાનના ચિંતનના આધારે તમારા જવાબોને સાચા જવાબો સાથે સરખાવી શકશો. સંગમયુગની શબ્દાવલી ભાગ – ૪૫ અહીં પ્રસ્તુત છે. જેની આડી–ઉભી ચાવીઓ ભરશો. તમને આવતાં અંકમાં સંગમયુગની શબ્દાવલી ભાગ – ૪૫ના જવાબો મળશે.

## સંગમયુગની શબ્દાવલી ભાગ - ૪૫

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | 2 | | 3 | 4 | | 5 | | | 6 |
| 7 | | | 8 | | 9 | | | 10 | |
| | | 11 | | 12 | | | 13 | | |
| 14 | | | | | | | 15 | | |
| | | | | 16 | | | | | |
| 17 | 18 | | | | | 19 | | 20 | |
| 21 | | | 22 | | | | 23 | | |
| | 24 | | | | | 25 | | | 26 |
| | | | | | 27 | | | | |
| 28 | | | | | 29 | | | 30 | |

### શબ્દાવલી ભાગ - ૪૪ના જવાબોવાળું કોષ્ટક

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 બ | 2 ડી | દી | 3 દી | | 4 મ | 5 ન | મો | 6 હી | 7 ની |
| 8 ન | વા | | 9 શા | હુ | કા | ર | | 10 રા | જ |
| 11 વા | ઈ | ફ | | | સો | | | 12 સો | |
| 13 રી | ન | | 14 અ | બ | ઘ | 15 ર | 16 જા | ના | હૈ |
| | | 17 ઉ | ષા | | | 18 મ | ગ | | |
| 19 અ | ન | પ | ઢ | | | 20 ત | ર | સ | |
| મ | | ર | | | 21 પ્ર | વી | ણ | | 22 મો |
| ર | | | 23 સ | 24 રો | વ | ર | | 25 મા | ળા |
| 26 ભ | 27 લા | | 28 લા | લ | ચ | | 29 ના | જુ | ક |
| 30 વ | લ | સા | ડ | | ન | | | 31 ન | ત |

### આડી ચાવીઓ

૧. દાદીની યાદગારમાં બનાવેલ સ્થાન (૫)
૫. પાંચ સ્વરૂપમાંનું એક સ્વરૂપ (૨)
૭. કાલો કા ...... મહાકાલ (૨)
૮. ઈશ્વર, પ્રભુ, અલ્લાહ (૪)
૧૦. ૫૦ ૫ .....  (૨)
૧૨. ....., ....., ધન (૨)
૧૪. મનના મિત્ર (૪)
૧૫. ડ્રામા કી હર સીન, .... ન્યુ (૩)
૧૬. ..... જીવનશૈલી (૨)
૧૭. જોલી (૩)
૨૧. ગાંધી, રંક, કંગાલ (૨)
૨૨. શ્રાવણ સુદની સાતમની તિથિ (૬)
૨૪. દાળ – ..... (૪)
૨૫. ગંભીરનું વિરોધી (૪)
૨૮. શિવબાબા કો ..... કર (૨)
૨૯. આદર, સન્માન (૨)
૩૦. ..... – પૈસે કા કમ પદ (૨)

### ઊભી ચાવીઓ

૧. કુમારકા દાદી (૭)
૨. સમય (૨)
૩. પીલર (૨)
૪. ભોળા માણસ (૩)
૫. રક્ષાબંધનનો દિવસ (૩)
૬. સ્વાતંત્ર્ય દિવસ (૬)
૧૧. દુઃખ મેં .... સબ કરે (૪)
૧૩. એક જ અક્ષર આવે (૩)
૧૬. આત્મ નિરિક્ષણ (૪)
૧૮. ફેવરીટનું ગુજરાતી (૪)
૧૯. દેખ તેરે ..... કી હાલત (૩)
૨૦. એક વાનગી – સેવ ..... (૩)
૨૪. કરલો ..... ૨૧ જન્મો કી (૩)
૨૭. પ્રકાશમણિ દાદીનું લૌકિક નામ (૩)



શહેરામાં 'યોગ દિવસે'ના કાર્યક્રમમાં પ્રાંત આફિસર ભ્રાતા પ્રણવ વિજય વર્ગીય, મામલતદાર ભ્રાતા ધર્મેન્દ્રભાઈ, THO ભ્રાતા ભરતભાઈ, પ્રમુખ નગર સેવાસદન રચનાબેન, બ્ર.કુ. રતનબેન.




ઈસનપુરમાં કલા-સંસ્કૃતિ વીંગ દ્વારા આયોજિત 'વક્તૃત્વ સ્પર્ધા'માં વિજેતાઓ સાથે નિર્ણાયક આચાર્ય વિવેકાનંદ કોલેજ ડૉ. મમતા શર્મા, વટવા શાળાના સહઆચાર્ય જલ્પાબેન, સહયોગ સ્કુલના આચાર્ય  કીર્તિભાઈ, બ્ર.કુ. જાગૃતિબેન.



છારીયામાં 'પર્યાવરણ દિવસે' વનપાલ અજીતસિંહ, કૃષિ ઈજનેર ડૉ. ડાભી, કૃષિ વૈજ્ઞાનિક ડૉ. હરેશ વર્મા, પશુ ચિકિત્સક ડૉ. પટેલ, બ્ર.કુ. સુરેખાબેન, Ex.કૃષિ વૈજ્ઞાનિક કે.એચ.પટેલ, Ex.RFO મહેન્દ્રભાઈ.



સુરત મોટા વરાછા સેવાકેન્દ્ર અને ગ્રીન આર્મી ચેરમેન ટ્રસ્ટ દ્વારા 'વિશ્વ પર્યાવરણ દિવસે' મહાવૃક્ષારોપણ કાર્યક્રમમાં બ્ર.કુ. મીનાબેન, બ્ર.કુ. કિરણબેન, બ્ર.કુ. દિવ્યાબેન અને સોસાયટીના સભ્યો.



રાજકોટ ભોજલરામમાં 'એક્યુપંચર અને ફિઝીયોથેરાપી કેમ્પ'માં ડૉ. મહેશ ચાવડા, ડૉ. જાનુ દાવડા, ડૉ. પુજલ પરવાડા, ડૉ. નંદિતા ઉમરેઠિયા, ભ્રાતા ચિરાગભાઈ ધામેચા, બ્ર.કુ. લક્ષ્મીબેન.



ઉપલેટા સેવાકેન્દ્ર ખાતે 'સાયલેન્સ અનુભૂતિ સપ્તાહ'નો શુભારંભ કરતાં પત્રકાર ભ્રાતા અરશીભાઈ, બ્ર.કુ. રેખાબેન બાજુમાં બ્ર.કુ. જ્યોતિબેન, બ્ર.કુ. રીટાબેન તથા જૂનાગઢના બ્ર.કુ. રમાબેન.



ગાંધીધામ ખાતે 'શિક્ષામાં નવી દિશા' સેમીનારમાં બ્ર.કુ. વીરેન્દ્રભાઈ, બ્ર.કુ.ભારતીબેન, અગ્રવાલ સમાજના ડી.કે. અગ્રવાલ, સેવી સ્કૂલના MD પ્રીતિબેન, પૂજાબેન, કલ્પેશભાઈ, અમૃત મહેશ્વરી, બ્ર.કુ.સરીતા.



વીરપુર જલારામ ખાતે 'વિશ્વ યોગ દિવસે' શ્રી જલારામજી વિદ્યાલયમાં બાળકોને રાજયોગની સમજૂતી આપતાં બ્ર.કુ. જયશ્રીબેન બાજુમાં બ્ર.કુ. રીટાબેન, બ્ર.કુ. સુશીલાબેન તથા ભાગલેનાર વિદ્યાર્થીઓ.

**Gyan Amrit** Vol.17 | Issue 08 | August 2024 | Retail Price - 15/- | RNI No. of RNP is GUJGUJ/2007/21842. Published on 1st of every month.
Registered under Postal Registration No. AHD-C/21/2023-2025 Vaild up to 31st December-2025 Issued by the SSPO's Ahmedabad City Division, LPWP Licence No. PMG/NG/109/2023-2025 valid up to 31st December 2025, permitted to post at Ahmedabad PSO on 4th of every month.



રાજકોટ ખાતે ટંકારામાં 'ગીતા પાઠશાળા'નું ઉદ્‌ઘાટન કરતાં ગુજરાત ઝોન ઈન્ચાર્જ રાજયોગિની ભારતીદીદી સાથે આર.ડી.સી. બેંકના બોર્ડ ઑફ ડાયરેક્ટર ભ્રાતા દલસુખભાઈ વાલજીભાઈ બેડા, બ્ર.કુ. રેખાબેન, બ્ર.કુ. અંજુબેન તથા અન્ય બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.



સુરત ખાતે કેબીનેટ મંત્રી ભ્રાતા સી.આર.પાટીલને અભિનંદન શુભેચ્છા પાઠવી ઈશ્વરીય સૌગાત આપતાં મજૂરાગેટ સેવાકેન્દ્રના બ્ર.કુ. સોનલબેન સાથે બ્ર.કુ. અવનીબેન.




વડોદરા અલકાપુરી ખાતે 'ગુજરાતની મેડીકલ વીંગ'ની આયોજીત મીટીંગમાં ગુજરાતના મેડીકલ વીંગના કૉડીનેટર બ્ર.કુ. ડૉ. નિરંજનાબેન, ડૉ. મુકેશભાઈ, ડૉ. બનારસીભાઈ તથા અન્ય સમૂહચિત્રમાં બ્રહ્માકુમાર ભાઈ-બહેનો.



ભરૂચ ઝાડેશ્વર ખાતે 'નવી પેઢી માટે આદર્શ શિક્ષિક' કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કરતાં TDO ભ્રાતા પરિમલ સીંગ, કૃષિ વિશ્વવિદ્યાલયના ડીન ભ્રાતા દિવ્યેશ પટેલ, પ્રમુખ પ્રાંત શિક્ષણ વિભાગ ભ્રાતા જગદીશભાઈ, બ્ર.કુ. પ્રભાબેન, બ્ર.કુ. દામિનીબેન.



વલસાડ જીલ્લા તંત્ર દ્વારા શ્રીસ્વામી નારાયણ મંદિર ખાતે આયોજીત '૧૦મા વિશ્વ યોગ દિવસે' કાર્યક્રમ બાદ સમૂહચિત્રમાં બ્રહ્માકુમાર ભાઈ-બહેનો સાથે બ્ર.કુ. રંજનબેન.



નડીયાદ ખાતે 'વિશ્વ પર્યાવરણ દિવસે' આયોજીત વૃક્ષારોપણ કાર્યક્રમમાં વન વિભાગના DSF ભ્રાતા અભિષેક સિસવા, વન વિભાગના વનપાલ ભ્રાતા સંજયભાઈ અને વિક્રમભાઈ, બાળકો સાથે બ્ર.કુ. સંધ્યાબેન અને બ્ર.કુ. પ્રવીણાબેન.

**If Undelivered Please Return to Publishing Place :**
BRAHMA KUMARIS, 'Sukh Shanti Bhawan', Opp. Municipal School-6,
Bhulabhai Park Road, Kankaria, Ahmedabad-380022. (Gujarat) INDIA

**Publisher : Bharti Ranchhoddas Somaiya**
Phone : 079- 25324460,
Email : gyanamrit.guj@gmail.com